# અધ્યાત્મ

વર્ષ : ૬   મે : ૧૯૮૫   અંક : ૮



## વિશ્રામગૃહને ભેટ

ગુજરાતના ખ્યાતનામ અંબાજી ખાતે પ. પૂ. મહાત્માશ્રી યોગેશ્વરજીની પ્રેરણાથી પ. પૂ. માતાજી જ્યોતિર્મયી વિશ્રામ-ગૃહનું જે બાંધકામ થઈ રહ્યુ છે, તે માટે છેલ્લે મળેલી સહાય નીચે પ્રમાણે છેઃ-

૨૫૧. સરસ્વતીબેન કાશીરામ ઓઝા, મોરબી
ગુરૂજી તથા માતુશ્રીના સ્મરણાર્થે,

૨૫૧. શ્રી મા પ્રભુ ટેકસટાઇલ્સ,
શ્રી સુમનભાઇ શાહ તરફથી

૫૦૧. શ્રી વામનભાઇ કાળીદાસ ભકત, કપુરા તરફથી
શ્રી રામપારાયણ નિમિત્તે

૫૧. શ્રી રતનબેન માધવભાઇ ભક્ત, કપુરા

૪૫૨. શ્રી ધનલક્ષ્મીબેન સુંદરલાલ પરીખ વડોદરા.

૧૦૧. શ્રી ઠાકોરભાઇ મથુરભાઇ ભક્ત, કપુરા.

૧૫૦૧. શ્રી રામ પારાયણમાં ભાગ લેનાર ભાવિક
ભકતો તરફથી કપુરા ખાતે આવેલ ભેટના.

નોંધઃ-વિશ્રામગૃહ માટેની ભેટ નીચેના સરનામે સ્વીકારવા-માં આવે છે.

સર્વમંગલ ચેરીટેબલ ટ્રસ્ટ, C/o. શ્રી બાબુભાઇ વોરા
૩૧, ગવર્મેન્ટ સરવન્ટસ સોસાયટી, નવરંગપુરા,
અમદાવાદ ૯

વિશ્રામગૃહના નીચેના ઓરડાઓ ઉપરનું ધાબાનું કામ પૂરૂં થઇ ગયું છે.

# અધ્યાત્મ

આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક
વર્ષ : ૬ અંક : ૮ છૂટક નકલ ૧-૫૦, વાર્ષિક લવાજમ
દેશમાં રૂા. ૧૫-૦૦ વિદેશમાં રૂા. ૧૨૫-૦૦ ( વિમાનથી )
**સંસ્થાપક : પ. પૂ. યોગેશ્વરજી** સર્વમંગલ ચેરીટેબલ ટ્રસ્ટ (રજી.
અમદાવાદ.

**તંત્રી-સંપાદક :** શ્રી નારાયણ હ. જાની.
**સહસંપાદકો :** શ્રી નાનુરામ દુધરેજિયા, શ્રી ભાઈલાલભાઈ છાટબાર,
શ્રી મણિભાઈ સી. શાહ.
**પ્રકાશન અને પ્રાપ્તસ્થાન :** 'અધ્યાત્મ' પ્લોટ નં. ૧૯૮૮ બી
સરદારનગર, ભાવનગર-૩૬૪૦૦૧
**તંત્રી, મુદ્રક અને પ્રકાશક :** નારાયણ હ. જાની ફોન : **૨૮૬૯૩**
**મુદ્રણસ્થાન :** રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ લોખંડબજાર, ભાવનગર-૧

### લેખકોને નિમંત્રણ

અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપજ લેખો સ્વીકારવામાં આવશે.

લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે. બીજાં સામયિકોમાં પ્રસિધ્ધ થયેલ લેખોની નકલો ન મોકલાવવા વિનંતી છે

### 'અધ્યાત્મ' અંગે સૂચનો

**ગ્રાહકોને :** ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.

* 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતા રહેશો.
* 'અધ્યાત્મ' દર માસની દસમી તારીખે પ્રસિદ્ધ થશે. કોઈ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી અપાશે.
* પત્રવ્યહવાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
* 'અધ્યાત્મ' અંગે કંઈ સૂચનો કરવાનાં હોય તો નિઃસંકોચ કરવા અનુરોધ છે.
* દર મહિનાની તા. ૮ સુધીમાં જે ગ્રાહકોનાં નામ અત્રે મળી જશે, તેમને તા. ૧૦મી એ અંક રવાના કરવામાં આવશે.

# * અનુક્રમણિકા *


| | | |
|---|---|---|
| ગીતાનું રેખાચિત્ર | યોગેશ્વરજી | ૩ |
| અદ્ભુત, અદ્ભુત ! | અશ્વિન પટેલ | ૭ |
| ષટ્ચક્રો વિષે શ્રીરામકૃષ્ણ પરમહંસ | નારાયણ જાની | ૧૨ |
| હૃદય ગાન | પૂજા | ૧૭ |
| ગહના કર્મણો ગતિઃ | દારા જ. ભેસાણીઆ | ૧૯ |
| પ્રવૃત્તિની પૂજા | ભૂપતરાય ઠાકર | ૨૬ |
| વિસ્તારથી વિરામ | સંતશ્રી આશારામજી | ૨૯ |
| કાળ–પ્રભુની માયા | રણજિત પટેલ | ૩૫ |
| હૃદય રહ્યું છે હસી ! | જગદીશચંદ્ર આચાર્ય | ૩૬ |
| વિચારોનું વર્ચસ્વ | દક્ષિણા દેસાઇ | ૩૭ |
| ઓ હંસા | પી. ડી. પાઠક | ૩૮ |
| મુક્તક મંજરી | રતિલાલ ભાવસાર | ૩૯ |
| ધ્યાનસાધના શિબિર | — | ૪૧ |
| પરમ પૂજ્યશ્રી યોગેશ્વરજીનો પ્રથમ પ્રાકટ્યોત્સવ | — | ૪૪ |
| પ્રકૃતિ | ઈશ્વરભાઇ શાહ | ૪૬ |
| કપૂરાનો મંગલ મહોત્સવ | શ્રીહરિન્દ્ર પાઠક | ૫૨ |
| શ્રીરમણ મહર્ષિનાં સાર વચનો | રમણ ભક્ત | ૫૭ |
| રામકથા | યોગેશ્વરજી | ૬૧ |





# અધ્યાત્મ

**વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો**
**—મા સર્વેશ્વરી**

વર્ષ : ૬ મે-૧૯૮૫ અંક : ૮


## ગીતાનું રેખાચિત્ર

ભગવદ્ગીતાના આરંભમાં એક રમણીય રેખાચિત્ર આવે છે. ચિત્રકારોએ એના પરથી તસ્વીરો પણ તૈયાર કરી છે. એ તસ્વીરો ખૂબજ હૃદયસ્પર્શી છે. ભગવાન કૃષ્ણ અર્જુનના રથને લઈને કુરુક્ષેત્રના યુદ્ધમેદાનમાં ઘોડાની લગામ પકડીને પ્રવેશ્યા છે. ભક્તકવિ સૂરદાસે ગાયું છે તેમ અખિલ વિશ્વના અધીશ્વર હોવા છતાં, પાંડવો પ્રત્યેના અને ખાસ કરીને અર્જુનને માટેના પરમપવિત્ર પ્રેમથી પ્રેરાઇને એ એના રથના સારથિ થયા છે. 'પ્રેમકે બસ અર્જુન રથ હાંક્યો, ભૂલ ગયે ઠકુરાઇ. સબસે ઊંચી પ્રેમ સગાઇ !' કેટલું સરસ, બોધક હૃદયંગમ દૃશ્ય છે ? પરંતુ એ દૃશ્ય એથી આગળ વધે છે.

કૌરવ સેનાનો સફળતા સહિત સામનો કરીને સમરાંગણમાં વિજયી બનવાના મનોરથો સાથે આવેલો અર્જુન, અતિશય આર્ત, વિષાદમગ્ન બનીને બેઠો છે, એણે ગાંડીવને મૂકી દીધું છે. લડવાની ના કહી છે. કૌરવો સાથેના યુદ્ધને અકલ્યાણકારક, અધમ, અનર્થોત્પાદક, પાપપ્રદાયક કહ્યું છે. એનું મન અશાંત, ભ્રાંત, કિંકર્તવ્યવિમૂઢ બની ગયું છે. તો પણ ભગવાન કૃષ્ણના વદન પર વિષાદ નથી

વ્યાપ્યો. એમને નિરાશા નથી થઈ. એમની પ્રસન્નતા, સહજશાંતિ, સ્થિતપ્રજ્ઞાવસ્થા એવી જ અખંડ રહી છે. એ પરમ સ્વસ્થતા, નિશ્ચલતા, સુમધુર સ્મિત સહિત કર્તવ્યનો વિશદ વિચાર કરતાં વિરાજમાન છે. એમને કોઈ મૂંઝવણુ નથી, વ્યથા નથી, ચિંતા, હતાશા, ઉશ્કેરાટ, ગભરાટ કે અશાંતિ નથી. એમનું કમળ સદૃશ કમનીય કાંતિવાળુ મુખમંડળ લેશ પણુ કરમાયું નથી. ક્રોધે નથી ભરાયું. અર્જુન બે હાથ જોડીને બેઠો છે. એણે ભગવાન કૃષ્ણનું શરણુ લઇને છેવટે એમનું માર્ગદર્શન માંગ્યુ છે.

ગીતાના આરંભના અધ્યાયનું એ સારવાહી શબ્દચિત્ર, રમણીય રેખાચિત્ર શું બતાવે છે ? જીવનનું કુરુક્ષેત્ર છે. કર્તવ્યનું મહાભારત મેદાન. એમાં કેટલીયવાર માર્ગ નથી મળતો. દિશા નથી સુઝતી. બુદ્ધિ બહેર મારી જાય છે. મતિભ્રમ થાય છે. કર્તવ્યા-કર્તવ્યનો નિર્ણય નથી કરી શકાતો. પુરુષાર્થની શ્રદ્ધા–હિંમત-લગન ખૂટી જાય છે. એમાં મન મૂંઝાય, કર્તવ્યને ભૂલી જાય, પુરુષાર્થી મટી જાય, શંકાકુશંકાઓ અને સમસ્યાઓથી ઘેરાઈ જાય, તો પણુ માનવે પરમાત્માની સંનિધિને છોડવાની નથી. પરમાત્માનું સ્મરણુ નથી મૂકવાનું. અર્જુન જીવનો પ્રતિનિધિ છે. જીવ નિરાશ થાય, અંધકારમાં અટવાઈ જાય ત્યારે શું કરવું ? ગીતા એ રમણીય રેખાચિત્ર દ્વારા સૂચવે છે કે પોતાના જીવનરથમાં પ્રાણુની પણુ પાસે રહેલા પરમાત્માનું શરણુ લેવું. એમને પોતાનું સારથિપદ સુપ્રત કરવું. પ્રાર્થવું. એમનું મંગલ માર્ગદર્શન માંગવું. પ્રભો ! મારે માટે જે કલ્યાણુકારક હોય, સાચું હોય તે કહો. યચ્છ્રેયઃ સ્યાન્નિશ્ચિતં બ્રૂહિ તન્મે શિષ્યસ્તેઽહં શાધિ માં ત્વાં પ્રપન્નમ્ ॥ એ શરણુાગતિ અને પ્રાર્થના નિરર્થક નહિ જાય. અર્જુનની જેમ એથી મન નવા રસ, ઉત્સાહ, પુરુષાર્થ અને પ્રકાશે પુલકિત બનશે. જીવનના જંગમાં જવાંમર્દની જેમ આગળ વધી વિજયને વરશે, ઉત્સવ કરશે.



ભગવાન કૃષ્ણુ પરમાત્માના પ્રતીક છે. માનવે ભગવાન કૃષ્ણુની જેમ જીવનરથમાં બિરાજીને, જીવનના રસને સાચવી રાખીને, ઈન્દ્રિયોના અશ્વોની સંયમરૂપી લગામને પકડી રાખવાની છે. ઈન્દ્રિયોને કાબુમાં રાખવાની છે, તોફાની, વિલાસી, વિપથગામી નથી થવા દેવાની. જગતનાં બાહ્યદૃશ્યોથી સંમોહિત, કિંકર્તવ્ય-વિમૂઢ અથવા અકર્મણ્ય નથી બનવાનું. બુદ્ધિને સ્વસ્થ રાખતા શીખવાનું છે. કર્તવ્યના દિવ્યશંખને હાથમાં રાખવાનો છે. વગાડવાનો છે. શ્રદ્ધા આશા જયજયકારના ધ્વનિને જગાવવાનો છે. એવા પરમાત્મપરાયણુ માનવો જીવનને મહોત્સવ રૂપ કરી શકે છે, અમૃતમય કરે છે. ગમે તેવી પ્રતિકૂળ પરિસ્થિતિમાં પણુ પથભ્રષ્ટ બનતા નથી; વિપરીત વાતાવરણુમાં પણુ વિષાદગ્રસ્ત થતા નથી. બીજાના વિષાદને શમાવી પથભ્રાંત ને પથ પ્રદર્શાવી જીવનમાં પીયુષ પ્રગટાવે છે, મહોત્સવ માંડે છે.

માનવે અર્જુન જેવી અલ્પ અવસ્થામાંથી આગળ વધીને ભગવાન કૃષ્ણુની પ્રશાંત પૂર્ણાવસ્થામાં પ્રવેશવાનું છે. અસ્થિરતામાં-થી સ્થિરતામાં સ્થિતિ કરવાની છે. અસ્થિતપ્રજ્ઞ મટી સ્થિતપ્રજ્ઞ થવાનું છે.

એક બીજી મહત્વની વાતનો ઉલ્લેખ પણુ કરી લઉં. કુરુક્ષેત્રના યુદ્ધમેદાનમાં રથમાં વિરાજેલા ભગવાન કૃષ્ણુ અને અર્જુનનું માનસ-દર્શન કરીને મને મુંડક ઉપનિષદના ‘ **द्वा सुपर्णा सयुजा सखाया समानं वृक्षं परिषस्वजाते** ’ શબ્દપ્રયોગનું સ્મરણુ થાય છે. એ શબ્દપ્રયોગનો પ્રતિધ્વનિ ગીતામાં પડેલો નથી દેખાતો ? કૃષ્ણુ અને અર્જુન એકજ શરીરરૂપી વૃક્ષની હૃદયરૂપી ડાળીપર બેઠેલાં મુંડક ઉપનિષદનાં બે પંખીજેવા છે. એક શિવ છે ને બીજો જીવ. એક પોતાના મહિમામાં, પોતાથી સ્વરૂપનિષ્ઠામાં મગ્ન છે ને બીજો એ નિષ્ઠા તથા મહિમાને ભૂલીને અહંકારમાં બંધાયેલો અને આસક્તિમાં

અટવાયેલો છે. પરિણામે એક સંપૂર્ણ સ્વસ્થ તથા શાંત છે ને બીજો બાહ્ય પરિસ્થિતિથી પ્રભાવિત થઈને હર્ષશોક તથા સુખ-દુઃખની સંમિશ્રિત અસરોમાં ઝૂલ્યા કરે છે. એનું દુઃખ ક્યારે દૂર થઈ શકે? એ પોતાના મૂળભૂત વાસ્તવિક સ્વરૂપને–ભગવાન કૃષ્ણને ઓળખે ત્યારે. એવી રીતે વિચારતાં અર્જુન જીવમાત્રનો પ્રતિનિધિ છે, સૌ કોઈને માટે પ્રેરક તથા પથપ્રદર્શક ઠરે છે, ને જીવનોપયોગી શ્રેયસ્કર સંદેશ ધરે છે.

**समाने वृक्षे पुरुषो निमग्नो अनीशया शोचति मुह्यमानः ।**
**जुष्टं यदा पश्यत्यन्यमीशमस्य महिमानमिति वीतशोकः ॥**

એ ઉપનિષદવચનનું ગીતાએ જાણે કે ભાષ્ય કર્યું છે. મોહમાં ડૂબેલો, શોકગ્રસ્ત બનેલો અર્જુન શ્રીકૃષ્ણના અને પોતાના સાચા મહિમાને જાણીને શોકરહિત બની જાય છે. પહેલા અધ્યાયની પૂર્ણાહુતિવખતે વિષાદમગ્ન બનેલો અર્જુન અઢારમા અધ્યાયને અંતે સંપૂર્ણ સ્વસ્થ, શાંત ને વિષાદમુક્ત બની જાય છે. ઉપનિષદનું એ વચન ત્યારે સંપૂર્ણ સાર્થક થાય છે.

—શ્રીયોગેશ્વરજી

અગ્નિનો એકાદ અંગારો કેટલો સૂક્ષ્મ ને સાધારણ હોય છે! પણ તેમાંથીજ જ્વલંત જ્વાળાની સૃષ્ટિ થાય છે અને કેટલીક વાર મોટા મોટા દાવાનલનો, દેહ બંધાય છે. એમ સત્સંગની શરૂઆતમાં છેક થોડી ને સાધારણ હોય તો પણ જીવનનું ઘડતર કરવામાં આગળ પર અતિશય અસરકારક નીવડે છે.

(પ્રકાશને પંથે)



# અદ્ભુત, અદ્ભુત !

ડૉ. અશ્વિન ડી. પટેલ

વર્તમાન વૈજ્ઞાનિક યુગમાં બુદ્ધિમાં બેસે અને તાર્કિક રીતે સમજી શકાય એવી વાતને જ હકીકત લેખે સ્વીકારવામાં આવે છે. એ સંજોગોમાં વહેમ, અંધશ્રદ્ધા, ચમત્કાર આદિનો બૌદ્ધિકો છેદ ઉડાડી મૂકે છે. સ્વ. પૂજ્ય મહાત્મા યોગેશ્વરજીની સાથે રહેતાં મા સર્વેશ્વરીએ એઓશ્રીના લીલાસંવરણ બાદ ઉપવાસ કરવામાં મને લાગે છે આખી દુનિયામાં રેકૉર્ડ તોડ્યો ગણાય. પૂ. શ્રીએ ગઈસાલ તા. ૧૮-૩-૮૪ને રોજ સ્વર્ગારોહણ કર્યું. કહે છે કે એમની પ્રેરણાથી સર્વેશ્વરીજીએ અન્નત્યાગ કરી કોઈપણ જાતના ફરાળથી મુક્ત રહી જે દેહદમનયુક્ત (જો કે એમના મનથી એ દેહદમન નથી, પણ જ્ઞાનપિપાસા છિપાવવા માટેનો એક પ્રસન્ન વ્યાપાર છે.) તપશ્ચર્યા શરૂ કરી છે એને આજે બાર મહિના તો થઈ ગયા. હજી યે જ્ઞાનોદયના એ ઉપવાસ ચાલુ છે. કયી અનન્ય સિદ્ધિ મેળવવા તેઓ આ ઉપવાસ કરી રહ્યાં છે તે પૂ. મહાત્માજીના અનુયાયીઓ અને બીજા પૂરેપૂરું સમજી શકતા નથી, એમાંનો હું પણ એક છું.

તો આવો આપણે એ સમજવા માટે નમ્ર પ્રયત્ન કરીએ. પ્રથમ તો એમના ઉપવાસની અનન્યતા જોઈએ. સાચું કહું તો તેઓ હવા ભક્ષીને જ જાણે કે જીવ્યા કરે છે અને તેય કોઈ જાતની અશક્તિ અનુભવ્યા સિવાય! ઊલટાની ધ્યાન-ધારણા, વાચનમનનલેખન, સ્વાધ્યાય નિદિધ્યાસન સત્સંગ અને વચ્ચેવચ્ચે પ્રવાસતીર્થાટન શિખરારોહણ જેવી તંદુરસ્ત ને સશક્ત માણસો માટે પણ કષ્ટસાધક પ્રવૃત્તિઓ સતત

ચાલુ રાખે છે. કલાકો સુધી કથાકથન કે ભજનગાન કરતાં છતાં ગળું શોષ અનુભવતું નથી. એમના મોટાભાગના ઉપવાસ આખા દિવસમાં એકજ વાર દોઢપાશેર-અચ્છેર પાણી પીને જ કરાયા છે. કોઇવાર પાશેર-દોઢપાશેર દૂધ એકજ વાર પીને કરે ત્યારે પાણી પીવાનું નહીં. કોઈવાર અચ્છેરેક છાશ પીને કરે ત્યારેય દૂધજળ વર્જ્ય. અનાજ કે ફળાહારનું નામ નહીં ! હા દૂધછાશ-જળ સાવ ત્યાજ્ય રહ્યાં છે જ્યારે અડધું સફરજન કે એકાદ નારંગી કે એકાદ કેળું લીધું હોય. પોતાના ઉપવાસપ્રયોગની સાધનામાં સવારના પાંચ વાગેથી રાતના અગિયાર સુધીનો પોતાનો સાધના-કાર્યક્રમ તો ચાલુજ. એમાં ન મળે કોઇ આળસ, ન જરીયે પ્રમાદ, ન લાપરવાહી ! હા સાધનાની કોઈ અજબ-અજોડ મસ્તી દશ્યમાન થાય છે. પ્રસન્નતા પૂર્ણ છે. ક્યારેય કોઈના ઉપર કશા માટે ન રોષ, ન દ્વેષ, ન ક્રોધ, ન પક્ષપાત ! સંપૂર્ણ જિતેન્દ્રિયતાનાં સદા સર્વદા સમ્યક્ દર્શન ! પ્રસન્ન ચિત્ત, હસતીમરકતી મુખાકૃતિ. એમના ફોટા જોઈને મને તો એમ લાગે છે કે કોઈ ફોટોગ્રાફર કલાકાર એમના આંતરમનને પારખીને ફોટો ખેંચી શકતો જ નથી !

અગર તો ફોટોગ્રાફી વિજ્ઞાન એટલું આગળ વધ્યું નથી કે જે આંતરમનને, પ્રસન્ન ચિત્તને ફોટામાં ઉપસાવી શકે. એમના ફોટા સારા નથી આવતા કારણ એમની પાસે શારીરિક સંપત્તિ જેવી વસ્તુ જે પૂ. ગીતાભારતીજીમાં કે પૂ. ઇન્દિરા બેટીજીમાં છે તે જરીયે નથી. તગતગતાં લોહીમાંસ-મજ્જામઢ્યા ચહેરામાં જે રૂપ કે સૌન્દર્ય તમતમી ઊઠે છે તે તેમનામાં નથી. એ બધાથી જે વ્યક્તિત્વ નિખરી ઊઠવું જોઇએ તે નિખરી નથી ઊઠતું. પણ એ બધાથી ચઢી જાય એવું તેમનું આંતરિક રૂપ છે, સૌન્દર્ય છે, વ્યક્તિત્વ છે,



આત્માની શક્તિઓની સંગીન સપ્રમાણતા છે, એની શુદ્ધિ છે, મનોનિગ્રહ છે અને પરમાત્મચિંતન છે. સાથે સર્વથી ચઢી જાય એવું મહાત્માશ્રી યોગેશ્વરજીનાં ગુરુચરણમાનું સતત ચિંતન છે, એમનાં શ્રીચરણે ધરેલું સમર્પણ છે !

આમેય મહાત્માજીને ગુરુ બનાવવા આકર્ષાયા ત્યારેય એમના પુદ્ગલ (શરીર)નું વજન માંડ ચાલીસ કિલો હશે. પાંદડું વાયરે ઊડી જાય તેવું ! જ્યારે આજે ચારસો દિવસથી કંઈક ઉપર બતાવ્યા તેવા અદ્વિતીય ઉપવાસ થયા છે ત્યારે તો એ વજન ઘટીને કેટલું બધુ ઓછું થયું હશે? તણખલું વાયુલહરીએ આમતેમ ફંગોળાઇ જાય એટલું ! કોઇ બીજો સ્રીપુરૂષ ભલે પછી સાધુસાધ્વી હોય, આવા ભયંકર ઉપવાસ અપનાવતાં પંચત્વજ પામ્યા હોત ! મા સર્વેશ્વરીજી હજી આટલા દિવસોને અન્તે જીવે છે, અધિકતર તમન્નાથી અને સચ્ચાઇપૂર્વકની પ્રવૃત્તિમયતાથી મહાકાળને ચેલેન્જ આપીને ખૂબ સરળતા સાહજિકતા ને સ્વાભાવિકતાથી દિન-બ-દિન વધુને વધુ પુણ્ય પ્રગટાવી જીવે છે એ એમની કોઈ દિવ્ય જિજીવિષા, ગુરુચરણની અનન્ય ભક્તિ અને પરમ-કૃપાળુ પરમેશ્વરની એમના ઉપરની પરમ કરુણાને લઇને. નહિ તો કોઇ પણ માણસ આવા નિષ્કંચનભક્તિવાળા, ઘણા દિવસના તો સતત નિર્જળા એવા ઉપવાસ કરી જ ન શકે; કરવા જાય તો હયાતિ જ ખોઇ બેસે, બે ત્રણ મહિનામાં !

ભલે પોતે કહેતાં ન હોય પણ મહાત્માશ્રી યોગેશ્વરજીએ એમનામાં કોઈ ભારે શક્તિપાત કર્યો છે, એમના આશીર્વાદથી કોઇ જગદંબા શકિત એમનામાં પ્રગટી છે, એમની યોગ-શિક્ષાથી એમની કુંડલિની શક્તિ જાણે કે જાગ્રત થઇ છે ! જેથી કાયા તપ્તકાંચનશુદ્ધ થઈ છે, સાવ નીરોગી બની છે અને તૃષાક્ષુધામુક્ત બની છે. શરીરપુષ્ટિશાસ્રની રીતે વિચારવા જતાં

સર્વેશ્વરજી જીવે છે તે મારા જેવા કોઈ સત્ત્વદ્વેષી (સીનિક) નાસ્તિક માણુસ માની જ ન શકે. "ખાધા વગર તે વળી કોઇ જીવી શકતું હશે? આગળ પાછળ કોઈ જુએ નહિ તે રીતે શરીરને નિભાવવા જેટલું તો નિદાન એ જમી લેતાં હશે, પેય પી લેતાં હશે!" પણુ ના, એવું નથી અને એ જ તો એક અદ્ભુતતા સર્વેશ્વરીજીમાં છે જેની નોંધ ભારતના બધાં સામયિકો, વર્તમાનપત્રો, બૌદ્ધિકો, વૈજ્ઞાનિકો વગેરેએ હજી સુધી કેમ લીધી નથી એ જ મને તો નવાઈ લાગે છે! મન, ઇન્દ્રિયો અને તનનાં પ્રલોભનોની ઉપરવટ જઈને આ સળેકડા-સમાન પણ દિવ્ય સાધ્વીએ આખાયે જગતની ગ્રીનિચ-તવારિખમાં નોંધવાલાયક ઉપવાસ-રેકોર્ડ તોડયો છે તે એક ચમત્કાર છે.

હું ચમત્કારોમાં માનતો નથી અને છતાં આ ઉપવાસ-સિદ્ધિની હકીકતને ચમત્કાર કહેવા લલચાયો છું. મારા મનમાં એ અંગે કોઈ સમાધાન થતું નહોતું. અને સર્વેશ્વરી મા પોતાની જાત ઉપર ભયંકર દમન કરી રહ્યાં છે તેવું લાગતું હતું અને તેથી ઉપવાસ છોડવાની અપીલ કરવાની દાનતથી અમદાવાદમાં 'સત્યપથના' એમના ગુરુજીના રહેઠાણે સત્સંગ-માં હું તા. ૧૭-૩-૮૫ ના રોજ સાંજના ૬-૦૦ વાગે ગયેલ. બીજા સત્સંગી ભાઈબહેનો લગભગ પંચોતેર જેટલાં હશે. કોણ જાણે અંતરયામીની રીતે એમણે મને જ શોધી પહેલો પકડ્યો! (મારા મનમાં ચાલતી ગડથલને પારખી) અને કહ્યું.

"આજે ઘણા દિવસે શ્રી અશ્વિનભાઈ આવ્યા છે તો તેઓ આપણુને બે શબ્દો કહે એમ હું વિનવું છું."

ગુરુજીના દિવંગત થયા કેડે હું બેત્રણવાર 'સત્યપથ' માં ગયેલ પણ મા સર્વેશ્વરી બહારગામ હોતાં એમનો મેળાપ મને થઇ શકેલ નહિ. બરોબર બાર મહિને મહાત્માશ્રી યોગેશ્વરજીની પ્રથમ સંવત્સરી પૂરી થતી હતી તે દિવસે મને



બે શબ્દ બોલવા કહ્યું. મારા મનની ગડમથલ મેં એમની સાથેના પાએક કલાક ચાલેલ સંવાદમાં રજુ કરી તેનો સાર આ પ્રમાણે છે.

"આપના ઉપવાસને બાર મહિના થવા આવ્યા. શરીર કેટલું કૃશ થઇ ગયું છે? કોઇ માણુસ આ રીતે જીવી ન શકે. મહાત્માજીના અનુયાયીઓને એમની ગેરહાજરીમાં આપની જરૂર છે. કોઇ મારા જેવો (સીનિક) નાસ્તિક માણસ આ બધું તૂત માને. આગળપાછળ કંઇ આરોગી લેતાં હશો, પી લેતાં હશો, નહિતો જીવીજ ન શકો એમ માને. પણ આ ઉપવાસોથી આપની સિદ્ધિ સોએ સોટકા થઇ ગઇ છે આ તો દુનિયાની એક અજાયબી તમે સિદ્ધ કરી બતાવી છે! મહાત્માજી તમને શક્તિ પ્રદાન કર્યા કરતા હશે પણ દોરંગી દુનિયા તે માનશે નહિ. બધાની વતીથી તો હું આપને વિનંતિ કરું છું કે હવે બહુ થયું. ઉપવાસ પૂરતા શું, અનેકગણા થયા, હવે અમો બધાને વાસ્તે આવતી કાલે પૂજ્યશ્રીની પ્રથમ સંવત્સરીએ આપ પારણાં કરો તો સારી વાત!"

મારા વક્તવ્યનો પ્રત્યુત્તર પૂ. માએ આ રીતે વાળ્યો.

"ઉપવાસ મેં ગુરુદેવની પ્રેરણાથી શરૂ કર્યા છે. શક્તિ પણ એઓશ્રી જ પૂર્યા કરે છે! મારા શરીરની ક્લેશરહિતતા અને મન તથા આત્માની પ્રસન્નતા જોતાં ઉપવાસનો મને હજી થાક નથી લાગ્યો. મને એવું લાગે તો હું તરત બંધ કરી પારણા કરી લઉં. હજી પૂ. મહાત્માજીનો આદેશ મને તે માટે મળ્યો નથી. એ મળશે કે તરત જ હું ઉપવાસ છોડી દઇશ. તેઓશ્રી મારી દ્વારા શું સિદ્ધ કરાવવા માગે છે તે હજી મનેય સ્પષ્ટ નથી. એમ કરતાં આ દેહ છૂટી જશે તો મને તેનો અફસોસ નહિ હોય! હું પૂર્ણ શાન્ત છું સ્વસ્થ છું અને શાન્તસ્વસ્થ રહી દિનચર્યા કરું છું, વગેરે.

# ષટ્ચક્રો વિષે શ્રીરામકૃષ્ણ પરમહંસ

નારાયણ. હ. જાની

સાધનાના બે માર્ગ છે. એક જ્ઞાનનો અને બીજો ભક્તિનો. માનવજાતનો એ સામન્ય અનુભવ એવો છે કે દરેક જીવનનો અંત હંમેશાં મૃત્યુમાં આવે છે. એથી શક્ય છે કે ભક્તિ કરતાં વિવેકપૂર્વકના જ્ઞાનનું આચરણ પહેલાં કરવામાં આવતું હોય. જે કંઇ અનિત્ય છે, તેનો વિવેકપૂર્વક અસ્વીકાર કરતાં કરતાં છેવટે જે નિત્ય છે, તેને પહોંચાય છે. તેજ આખરી સત્ય છે. ભગવાન બુદ્ધે પણ એમણે કરેલા માંદા, ઘરડા અને મરણ પામેલાના દર્શન પછી, આ રીતે પોતાની શોધ આરંભી હતી. કારણ માનવનું જીવન અનિત્ય છે એની ઉપરોક્ત દર્શને એમને પ્રતીતિ કરાવી હતી. એટલે જ્ઞાન ને વિવેકના આ માર્ગને 'નેતિ નેતિ'ના નામથી ["આ નહિ આ નહિ"] વર્ણવવામાં આવે છે. એનું કારણ એ છે કે આખરે આ દુનિયાની કોઇપણ ભૌતિક વસ્તુ કાયમી, કે નિત્ય તો નથીજ.

તો બીજી બાજુ ભક્તિનો માર્ગ 'આ છે આ છે'-એનો છે. એનું કારણ એ છે કે ભક્ત દરેક વસ્તુમાં પ્રભુ રહેલો છે, એમ માને છે. એથી તે દરેકમાં એનું દર્શન કરે છે. આમ કહેવા છતાં એ પહેલાં જ્ઞાનીની સાથે અસમંત થાય છે એવું નથી. એ કોઇ દૃશ્ય વસ્તુને દૃશ્ય તરીકે પૂજતો નથી. પરંતુ એ દૃશ્ય વસ્તુની અંદર નિગૂઢ રહેલી સનાતન ચેતનાને પૂજે છે. આ બન્ને પંથના અનુયાયીઓ આપણને દુનિયાના બધા ધર્મોમાં જોવા મળે છે. એમના વચ્ચે જો કોઈ ફરક હોય તો તે કેવળ માનસિક વલણનો છે. કેટલાક માણસોનો એ સ્વ-



ભાવ હોય છે કે બુદ્ધિવડે સત્યનો નિર્ણય કરે, જ્યારે બીજા કેટલાક પ્રેમવડે તેનો અનુભવ કરવા પ્રયત્ન કરે છે. આ બન્ને માર્ગો અસંખ્ય સ્ત્રી અને પુરુષોને પરમ સત્યની સાથે એકતાનો અનુભવ કરાવવા શક્તિમાન થયા છે. આખરે દરેક સાચા સાધકનું અંતીમ ધ્યેય તો આ પ્રકારની એકતાનો અનુભવ કરવાનું જ હોય છે. બૌદ્ધો એને નિર્વાણ કહે છે. ખ્રિસ્તીઓ રહસ્યવાદી મિલન કહે છે, જ્યારે હિંદુઓ એને 'સમાધિ' તરીકે ઓળખાવે છે.

આ સમાધિ એ ચોથી અથવા તૂર્યાવસ્થા તરીકે ઓળખાય છે; કારણ કે તે જાગૃતિ, સ્વપ્ન કે સુષુપ્તિ ત્રણે અવસ્થાઓથી ભિન્ન છે. એ સમાધિ અવસ્થાને બહુ સ્પષ્ટ ભાષામાં વર્ણવવી એ ઘણું અઘરૂં છે; આજની દુનિયામાં એનો અનુભવ કરી ચૂકેલા જીવંત માણસોની સંખ્યા ખૂબજ જૂજ છે. ક્રિસ્ટોફર ઇશરવુડે પોતે પણ એનો અનુભવ કરેલ નથી, પરંતુ જેઓએ એનો અનુભવ કર્યો છે તેઓને પણ પોતાના એ અનુભવનું વર્ણન શબ્દોમાં કરવું મુશ્કેલ લાગ્યું છે. એને માટે એવું કહી શકાય કે એ અનુભવની વસ્તુ છે, ભાષામાં એને વર્ણવી શકાય એમ નથી; કારણકે પાંચ ઇંદ્રિયો વડે મેળવેલા જ્ઞાનનેજ શબ્દો રજુ કરે છે, પરંતુ સમાધિ તો આ પાંચેય ઇન્દ્રિયોથી અતીત એવો અનુભવ છે. જેમાં જ્ઞાતા અને જ્ઞેય (જાણવાની વસ્તુ) બન્ને એકરૂપ થઈ જાય–એવી એ સંપૂર્ણ જ્ઞાનની–ઊંચામાં ઊંચી અવસ્થા છે. આ નિર્વિકલ્પ સમાધિ છે. આથી ઉતરતી કક્ષાની સવિકલ્પ સમાધિમાં–દ્વૈત ભાવ સંપૂર્ણ પણે નષ્ટ નથી થતો–એમાં જ્ઞાતા અને જ્ઞેય બન્ને અલગ અલગ અસ્તિત્વ ધરાવે છે–પરંતુ બન્નેને જુદા પાડવા પાતળા કાચની તકતી જેવું છે. જે સાધકે સવિકલ્પ સમાધિ સિદ્ધ કરી છે તે પોતે ઇચ્છે તો

નિર્વિકલ્પ સમાધિમાં પ્રવેશ મેળવવાને શક્તિમાન બને છે તે માટે તેણે પ્રયત્ન કરતા રહેવું જોઇએ.

બાહ્યદૃષ્ટિએ, સમાધિ એ બેભાન અવસ્થા લાગે; કારણકે એમાં અનુભવ કરનાર સાધક બાહ્ય દુનિયામાંથી પોતાની જાતને સંપૂર્ણપણે અંદર ખેંચી લે છે. એથી એનો ઘણીવાર ટ્રાન્સ (બેહોશી–બેશુદ્ધિ) તરીકે ઉલ્લેખ કરવામાં આવે છે : પરંતુ ખરૂં પૂછો તો આપણી રોજીંદી સભાનતાની અવસ્થા કરતાંય તે કલ્પી ન શકાય એટલી વધુ ઘનિષ્ઠ જાગૃતિની અવસ્થા છે; તે બેશુદ્ધિ કરતાં તદ્દન ઉલટી છે. ટ્રાન્સનો મૂળ અર્થ ઘેન અથવા વ્યાકૂળતાની અવસ્થા જેવો થાય છે.

થોડા ઘણા સાધકો જે સમાધિની અંતિમ સ્થિતિએ પહોંચી શકે છે, તેઓમાંના મોટા ભાગના એમના જીવનની પાછલી અવસ્થા કે મૃત્યુ સમયે પહોંચે છે. જ્યારે આપણે જોઇશું કે શ્રી રામકૃષ્ણ દેવ દિવસમાં એકવાર નહિ પણ ઘણીવાર એ સમાધિમાં પ્રવેશતા અને તે પણ અનેક વર્ષો સુધી.

"તમે કહો છો કે ઘનિષ્ઠ ધ્યાનનો અભ્યાસ માણસને સમાધિની અવસ્થાએ પહોંચાડે છે, પરંતુ તે ખરેખર ત્યાં કેવી રીતે પહોંચે છે? વળી આ અવસ્થાની પ્રાપ્તિ દરમ્યાન એનામાં શું આંતરિક પ્રક્રિયાઓ થાય છે તેમજ સંપૂર્ણ આધ્યાત્મિક જાગૃતિ તરફ દોરી જતાં કયાં માનસિક અને શારીરિક પગથિયાં હોય છે?" વગેરે પ્રશ્નો વાંચકને ઊઠે તે સ્વાભાવિક છે.

ભારતીય આધ્યાત્મિક શાસ્ત્રપ્રમાણે શરીરની કરોડરજ્જુના નીચલા છેડા ઉપર પ્રખર આધ્યાત્મિક શક્તિનો ખજાનો આવેલો છે. એને કુંડલિની શક્તિ તરીકે ઓળખવામાં આવે છે. આ શક્તિ ગુંચળાના આકારની હોવાથી એને અંગ્રેજી



ભાષામાં 'સરપન્ટ પાવર' (સાપના આકારની શક્તિ) કહેવામાં આવે છે. ભારતીય યોગીઓ આપણને કહે છે કે આપણામાંના મોટા ભાગના માણસો ભાગ્યેજ આ શક્તિનો ઉપયોગ કરે છે : એમાંની જો થોડી શક્તિ જાગ્રત થઈ હોય તો જાતીય વ્યાપારો અને શારીરિક ભૂખો સંતોષવામાં વેડફાઈ જાય છે. પરંતુ ધ્યાન અને બીજી આધ્યાત્મિક શિસ્તને પરિણામે કુંડલિની જ્યારે પૂરેપૂરી જાગ્રત થાય છે, ત્યારે કરોડરજ્જુનાં છ ચક્રો ભેદી ઉપર ચઢીને–મસ્તિષ્કમાં આવેલા સાતમા સહસ્રદલ ચક્રમાં જઈ પહોંચે છે. કુંડલિની આ ઉપરનાં ચક્રોમાંથી પસાર થવાના પરિણામે, વિવિધ પ્રકારની અનુભૂતિઓ થવા માંડે છે. આ સમગ્ર પ્રક્રિયા કેવા પ્રકારની હોય છે, તે વિષે શ્રી રામકૃષ્ણદેવ પાછળથી કહેતા કેઃ–

યોગશાસ્ત્રમાં સુષુમ્ણા નાડીમાં સાત ચક્રોનો ઉલ્લેખ આવે છે. આ ચક્રો આંતરિક જાગ્રતિનાં દ્યોતક છે. માણસનું મન આમાંના કોઈના કોઈ ચક્રમાં વિહરતું રહે છે. માનવીનું મન જ્યાં સુધી ભૌતિક વસ્તુઓ પ્રત્યે આસક્ત હોય છે, ત્યાં સુધી તે આ સાતમાંના નીચલાં ત્રણ કેન્દ્રો કે ચક્રોમાં ફરતું રહે છે. આ ત્રણ ચક્રો અનુક્રમે–કરોડરજ્જુની નીચે મૂલાધાર, જનેન્દ્રિય અને નાભિમાં આવેલ છે, જ્યાં સુધી માણસનું મન આ ત્રણ કેન્દ્રોમાંજ રમતું હોય છે, ત્યાં સુધી તેનામાં કોઈ મહત્ત્વાકાંક્ષા નથી જાગતી કે તેને કોઈ આંતરિક અનુભૂતિઓ થતી નથી. આવું મન સતત વાસના અને લોભની પ્રવૃત્તિઓમાંજ ડૂબેલું રહે છે.

આ પછીનું ચોથું ચક્ર હૃદયમાં આવેલું છે. માણસનું મન જ્યારે આ ચોથા કેન્દ્રમાં પ્રવેશ પામે છે, ત્યારે માણસને એની આધ્યાત્મિક જાગ્રતિનો પ્રથમ અનુભવ થાય છે. એ

વખતે એને પોતાની આસપાસ પ્રકાશની અનુભૂતિ થાય છે જે જોઇને એને ભારે આશ્ચર્ય થાય છે અને આનંદથી એ ચિત્કાર કરી બોલી ઊઠે છે, "અરે કેવો અદ્‌ભુત આનંદ !"

આ કેન્દ્રમાં એકવાર મનનો પ્રવેશ થયા પછી તે ફરી નીચલાં કેન્દ્રો તરફ સામાન્ય રીતે જતું નથી.

પાંચમું ચક્ર કંઠમાં આવેલું છે. આ કેન્દ્રમાં જ્યારે મન પ્રવેશ કરે છે, ત્યારે સાધકનાં અજ્ઞાન અને માયાનાં આવરણો હટી જાય છે. એનું મન એવું તો પવિત્ર થઇ જાય છે કે ભગવાન સિવાયની બીજી કોઈ વાત એને કહેવી કે સાંભળવી ગમતી નથી.

છઠ્ઠું ચક્ર બે ભ્રમરો વચ્ચે આવેલું છે. જ્યારે સાધકનું મન ત્યાં સ્થિર થાય છે ત્યારે એને દિવસ ને રાત, ઈશ્વરનું દર્શન થયાં કરે છે. આમ છતાં, એનામાં હજુ થોડા સાત્ત્વિક અહંનો અંશ જણાય છે. તે દર્શન ફાનસમાંની દીવાબત્તી જેવું હોય છે. સાધકને લાગે છે કે એને એ સ્પર્શ કરી શકાશે, પરંતુ એમ થઇ શકતું નથી, કારણકે વચ્ચે ફાનસના કાચની જેમ આવેલું સૂક્ષ્મ આવરણ એને અટકાવે છે.

જ્યારે સાધકનું મન આ છ ચક્રો ભેદી મસ્તિષ્કમાં રહેલા સહસ્રદલ ચક્રમાં પ્રવેશ કરે છે, ત્યારે સમાધિની પ્રાપ્તિ થાય છે. તે પછી સાધક બ્રહ્મનો જાણકારજ નહિ, પરંતુ બ્રહ્મ સાથે જોડાઇ છે એકરૂપ થઇ જાય છે. ब्रह्मविद्‌ ब्रह्मैव भवति ।

શ્રી રામકૃષ્ણદેવ જે લોકો સમક્ષ આ ચક્રોની વાતો કરતા તેઓ વત્તાઓછા પ્રમાણમાં ભારતીય યોગશાસ્ત્રની દૃષ્ટિએ શરીરશાસ્ત્રના જાણકાર હતા. છતાં અહીં ઉલ્લેખ કરવો ઉચિત સમજુ છું કે કરોડરજ્જુમાં બે પ્રકારની નાડીઓ આવેલી છે.

( અનુસંધાન ૬૦ ઉપર )



# હૃદય ગાન

પૂજા

હું પણ આ દુનિયામાં જ રહુ છું, વળી સંસારમાં જુદા જુદા માનસ ધરાવતી વ્યક્તિઓ વચ્ચે જીવું છું, કયારેક તેમાં મનદુઃખ થાય, કડવા તીખા વેણની આપલે થાય, આંખોમાં આંસુ આવી જાય...હૃદયે નકામા શબ્દો બોલ્યા હોવાનો અફસોસ હોય, કોઇક પ્રતિ ગુસ્સો હોય, જીંદગીથી કંટાળી ગયાનો ધીમો અણસાર હોય, આવા બધા નાના નાના ભાવો-થી મન ચિક્કાર ભરેલુ હોય અને ત્યાંજ ધીમેથી હૃદયમાંથી એક સૂર ઉઠવાની શરૂઆત થાય છે. કે બસ ! અકળાઇ ગઇ ! થઇ ગઇને પરિસ્થિતિને વશ ? આવી ગઇને બીજાબધાની શ્રેણીમાં ?

ના...ના...તારે તો મોટા થવાનું છે, આવી આ નકામી વાતોમાં અટવાઇશ તો કેમ ચાલશે ?

અને સાચ્ચે જ એ શબ્દમાત્રથી જ મન સ્વચ્છ નિતર્યા જળ જેવુ બની ગયું. એ પ્રભુનો સંદેશો મારુ પ્રેરકબળ છે. એમનું નામ-સ્મરણ મારા માટે તો જીવનસંજીવની છે અને બીજી જ ક્ષણે એ બધા જ ભાવો છોડી પ્રેમનો એકમાત્ર નિર્મળ ભાવ હૃદયે ધરી, હળવી ફૂલ બનીને હું ફરીથી મારો પાઠ ભજવવા કટીબદ્ધ બનું છું.

અને<br>
કહી રહી છું કે–<br>
હે પ્રભુ !

લે હવે તું જ એકમાત્ર
મારા આ મનને સંભાળ.
એને આ
રાગદ્વેષના કાદવકીચડમાંથી કાઢી
પ્રેમના જળથી સ્નાન કરાવ.
મારી હૃદયસિતારી ઉપર
તારી જ ધૂન છેડી
મને અભય કરી જા,
અનેક ભક્તોને તેં જે રંગે રંગ્યા છે
તે રંગે તું મને રંગી જા.
હે પ્રભુ !
લે, હવે તું જ એકમાત્ર
બન મારો રખેવાળ !

પ્રણામ.

અંધારાથી ડરતા બાળકને આપણે જરૂર માફ કરી શકીએ પણ જીવનની કરુણતાની અવધિ તો એ છે કે પુખ્ત માણસો પણ અજવાળાથી ડરે છે !

સંતતિ વૃદ્ધાવસ્થામાં ખૂબ ઉપયોગી થઇ પડે. આજની સંતતિ વડીલો માટે બીજું કંઇ કરે-કે-ના કરે તો પણ, વૃદ્ધાવસ્થાને જલ્દી બોલાવી લાવવામાં તો ઉપયોગી થઇ પડે છે જ.



# ગહના કર્મણો ગતિઃ

દારા જ. ભેસાણીઆ (કાયાવરોહણ)

સંત એ છે કે જેના હૃદયમાં જીવનું કલ્યાણ કરવાની ભાવના છે. દરેક સંત પોતાની પ્રકૃતિ અને ઈશ્વરની પ્રેરણા મુજબ વિવિધ રીતે કલ્યાણકાર્ય કરતા હોય છે. સંતો જનતા જનાર્દનને ઉપદેશામૃતનું પાન કરાવતા રહે છે. શાસ્ત્રોના ગહન મર્મને સમજવું સામાન્ય માનવો માટે લગભગ અસંભવ છે. પ્રાયઃ જેઓ આવો પ્રયત્ન કરવા જાય છે તેઓ શાસ્ત્રોનું અવળું અર્થઘટન કરે છે. શાસ્ત્રોને સમજવા માટે ઉપાસના અનિવાર્ય છે. કારણ કે શાસ્ત્રો ઉપાસનાનો અર્ક છે. શાસ્ત્રો લખનારા ઋષિ–મુનિઓ પરમ ઉપાસકો હતા. પરમ કૃપાળુ સંતો શાસ્ત્રોના સારને ગદ્ય અથવા પદ્યમાં સરળ રીતે આપણી સમક્ષ રજૂ કરે છે.

ભારતીય તેમજ અન્ય દેશોના શાસ્ત્રોમાં 'કર્મના સિદ્ધાંત'ને શ્રેષ્ઠ સિદ્ધાંત તરીકે પ્રતિપાદિત કરવામાં આવ્યો છે. બૌદ્ધ–જૈન જેવા નાસ્તિક દર્શનો પણ કર્મના સિદ્ધાંતને માન્યતા આપે છે. આ સિદ્ધાંત અતિ ગહન છે. એટલે જ ભગવાન શ્રી કૃષ્ણ ગીતામાં 'ગહના કર્મણો ગતિઃ કહે છે. પૂ. સંત શ્રી રાજર્ષિ મુનિજીએ આ સિદ્ધાંતને સરળ રીતે પદ્યમાં અંકિત કર્યો છે જેનું અહીં પાન કરીએ.

## કર્મનો મર્મ

ઢાળ : જળકમળ છાંડી જાને બાળા..........

જેવું વાવશો તેવું લણશો ભાઇ ! કરશો તેવું પામશો,
જગનિયંતાએ એવો ઘડિયો, કર્મ કેરો કાયદો.

તમે ચેતજો એ માનવી સૌ ! દુરાચારી ના થાશો,
પાપ પોટલાં બાંધવાથી ભાઇ ! થશે ના કાંઇ ફાયદો.
જો પુણ્ય આચરશો સદા તો, સુખ અહીં ભોગવશો,
મૃત્યુ પછી વળી મળશે મોભો, સ્વર્ગમાં અલાયદો.
કર્મો થકી અહીં ના શુભાશુભ, નસીબ નવલું બાંધશો,
થતું ન મિથ્યા પ્રારબ્ધ કહીયે, ચાલતો ના વાયદો.
બધી વાસના સંસ્કાર બનશે જે, પુનર્જન્મે પામશો,
દુષિત ચક્ર એ સદાય ફરતું, તેનો શો ઉપાય જો ?
ફલ છોડીને કરો કર્મ નિષ્કામ, બાધ ના એનો કશો,
કર્મ તણો મર્મ જાણે રાજર્ષિ, યોગી એ કહેવાય જો.

જીવનમાં કેટલીક વાર માનવીને વિવિધ પ્રશ્નો ઉદ્‌ભવે છે કે હું કોણ ? હું કયાંથી આવ્યો ? હું ફલાણી વ્યક્તિને ત્યાં જ કેમ જન્મ્યો ? હજારો સ્ત્રીઓમાંથી ફલાણી સ્ત્રી સાથે જ મારાં લગ્ન કેમ થયાં વિગેરે. કોઇક વાર અચાનક લોટરી લાગી જવાથી રસ્તા પર રખડતો માણસ લાખોપતિ બની જાય. કોઇક નિર્દોષ ફાંસીને માંચડે ચડે ને ગુનેગારો ઘી–કેળાં ઊડાવે. આ બધું શું છે ? સન્મ ર્ગે ચાલનારો દુઃખી જોવા મળે અને કાળાબજારીયાને ત્યાં છણાછણી હોય ત્યારે મનુષ્યને ભગવાન પરથી વિશ્વાસ ઊઠી જાય. પરંતુ જે કર્મના સિદ્ધાંતને સમજે છે તેના બધા આશ્ચર્યોનો અસ્ત થાય છે. તો કર્મનો સિદ્ધાંત શું કહે છે તે હવે સમજીએ.

"જેવું વાવશો તેવું લણશો ભાઈ ! કરશો તેવું પામશો,
જગનિયંતાએ એવો ઘડિયો, કર્મ કેરો કાયદો"....જેવું.

કર્મનો સિદ્ધાંત સમજવામાં સાવ સરળ છે. આપણે જાણીએ છીએ કે ખેતીમાં જેવું દાણ વાવવામાં આવે તેવો પાક તૈયાર થાય. ઘઉંના દાણા વાવ્યા હોય તો ઘઉં પાકે



અને કોદરાના દાણા નાખ્યા હોય તો કોદરા પાકે. કર્મનો સિદ્ધાંત પણ આ જ વાત કરે છે. જેવું તમે કર્મ કરશો તેવું ફલ પામશો. જો સત્કર્મ કર્યું હશે તો તેનું ફલ સારું મળશે અને કુકર્મ કર્યું હશે તો તેનું ફલ ખરાબ મળશે. કોઈક ક્ષુધાતુરને ભોજન જમાડયું હશે તો કોઇક વખત અણીના સમયે આપણનેય ગમે ત્યાંથી ભોજન મળી રહેશે. છેતરપિંડી કરીને કોઈકનું ઘર પચાવી પાડયું હશે તો કોઈક વળી ક્યારેક આપણુંય ઘર પચાવી પાડશે. સરળ અર્થમાં આ કર્મનો સિદ્ધાંત છે. પરંતુ સંસારમાં આપણને આવી અનુભૂતિ થતી નથી. સંસારના વ્યવહારમાં તો ઘણીવાર ઊંધુ જ જોવા મળે છે. કોઈક સંકટગ્રસ્તને આપણે દયા કરી ઉછીના નાણા ધીર્યે છીએ તો પેલા ભાઈ આપણાં નાણાં જ હજમ કરી જાય. બાબો નાનો હોય ત્યારે બાપા બાબાને રમાડે, જમાડે, લાડ લડાવે પણ બાબો જ્યારે બાવીસનો થાય ત્યારે તે બાપા સામે બાંયો ચડાવે.

તો આવું કેમ ? આવું આપણે જોઇએ એટલે તરત માની લઇએ કે કર્મનો સિદ્ધાંત સાચો નથી. પરંતુ એ આપણો દૃષ્ટિદોષ છે. આપણી દૃષ્ટિ છેક જ મર્યાદિત છે. કર્મનો સિદ્ધાંત મર્યાદિત નથી. આ સિદ્ધાંત અસંખ્ય જન્મો સુધી કાર્ય કરતો હોય છે. કુકર્મો કરનાર સુખ ભોગવતો દેખાય તો આ સુખ તેના કુકર્મોનું ફલ નથી, આ તો પૂર્વજન્મમાં તેણે કરેલાં સત્‌કર્મોનું ફલ છે. આ કુકર્મોનું ફલ તો તેને ભવિષ્યમાં ક્યારેક મળશે. આ ફલ આ જન્મમાં જ મળી જાય તેવું નથી, તે ક્યાં તો આ જન્મે મળે અથવા ભવિષ્યના ગમે તે જન્મે મળે. સન્માર્ગે ચાલનારો દુઃખી થતો દેખાય છે. આ દુઃખ તેના સત્‌કર્મોનું પરિણામ નથી. એ તો તેના પૂર્વ–જન્મમાં આચરેલા પાપોનું ફલ છે. સત્‌કર્મોનું ફલ તો હવે

પછી ભવિષ્યમાં ક્યારેક મળશે.

"તમે ચેતજો એ માનવી સૌ ? દુરાચારી ના થશો,
પાપ પોટલાં બાંધવાથી ભાઈ ! થશે ના કાંઇ ફાયદો....જેવું.
જો પુણ્ય આચરશો સદા તો, સુખ અહીં ભોગવશો,
મૃત્યુ પછી વળી મળશે મોભો, સ્વર્ગમાં અલાયદો"....જેવું.

સંત અહીં આપણને સજાગ કરે છે કે હે માનવીઓ ! પાપકર્મો કરતાં પહેલાં ચેતજો, હજારવાર વિચારજો. કારણ કે દુરાચરણ કરવાથી કાંઈ ફાયદો થવાનો નથી. દુરાચારનું ફલ દુ:ખરૂપે ગમે ત્યારે મળવાનું જ છે. પુણ્ય આચરવામાં બે ફાયદા છે. એક તો પુણ્ય આચરવાથી આ લોકમાં સુખપ્રાપ્તિ થાય છે અને બીજું, મૃત્યુ પછી સ્વર્ગલોકમાં સ્થાન પ્રાપ્ત થાય છે. શાસ્ત્રાનુસાર આ બ્રહ્માંડમાં ચૌદ લોક (ભુવન) આવેલા છે. જેમાં મૃત્યુલોકની ઉપર છ લોક આવેલા છે જે "સ્વર્ગ" નામે ઓળખાય છે. અને મૃત્યુલોકથી નીચે સાત લોક આવેલાં છે જે "પાતાલ"ના નામથી ઓળખાય છે. મૃત્યુ પછી જીવની ગતિ તેના કર્માનુસાર ઉપરના કે નીચેના લોકમાં થાય છે. ગીતાજીમાં ભગવાન કહે છે કે પુણ્યકર્મોના ફલ રૂપે જીવને ઈન્દ્રલોકની પ્રાપ્તિ થાય છે.

"કર્મો થકી અહીં ના શુભાશુભ, નસીબ નવલું બાંધશો,
થતું ન મિથ્યા પ્રારબ્ધ કદીયે, ચાલતો ના વાયદો"—જેવું.

આપણા શાસ્ત્રોમાં ત્રણ પ્રકારના કર્મો પ્રબોધાયેલાં છે. (૧) ક્રિયમાણ કર્મ (૨) સંચિત કર્મ (૩) પ્રારબ્ધ કર્મ. આપણે દિવસ અને રાત, જાણ્યે-અજાણ્યે જે કાંઇ કર્મ અથવા ક્રિયા કરીએ છીએ તે બધા ક્રિયમાણ કર્મ છે. આપણા મોટા ભાગના ક્રિયમાણ કર્મો તરત ફલ આપીને શાંત થઈ જાય છે. જેમ કે ભૂખ લાગી, ભોજન કર્યું. કર્મ શાંત થયું. સાયકલ



વેચી, પૈસા મળી ગયા. પણ કેટલાક ક્રિયમાણ કર્મો તરત ફલ ન આપતાં પાકયા વિના પડી રહે છે. આવા કર્મોને સંચિત કર્મો કહેવાય છે. દા. ત. સાયકલ વેચી પણ રોકડા નાણાં ન મળ્યા. જ્યાં સુધી આ નાણાં ન મળે ત્યાં સુધી આ કર્મ સંચિત પાકયા વિનાનું રહેશે. આ સંચિત કર્મ જ્યારે પાકીને ફલ આપે છે ત્યારે તે પ્રારબ્ધ કર્મ બને છે. ઉપરના ઉદાહરણમાં સાયકલના નાણાં જ્યારે અમુક સમય પછી મળશે ત્યારે તે પ્રારબ્ધ રૂપે આવીને મળશે. આ થયું પ્રારબ્ધ કર્મ. આપણે જેને નસીબ કે પ્રારબ્ધ કહીએ છીએ તે બીજું કાંઈ નથી પણ આપણું જ પૂર્વનું કર્મ હોય છે. કોઇકને લોટરી લાગી જાય ને પૈસા મળે તો તે પોતાના જ પૂર્વકર્મની કમાઈ છે.

હિંદુસ્તાનની પ્રજા પ્રારબ્ધવાદી વિશેષ અને પુરુષાર્થી અલ્પ છે. આપણા શાસ્ત્રોમાં ચાર પુરુષાર્થો દર્શાવ્યા છે- અર્થ, કામ, ધર્મ અને મોક્ષ. અર્થ અને કામ પ્રારબ્ધ પર અવલંબિત છે જ્યારે ધર્મ અને મોક્ષ પુરુષાર્થ (વિશેષ પ્રયત્ન) પર આધારિત છે. પૂર્વજન્મોના સારા-નરસાં કર્મોના ફલ રૂપે અર્થ અને કામ પ્રાપ્ત થવાના જ છે. પરંતુ ધર્મ અને મોક્ષ માટે પ્રારબ્ધ પર બેસી ન રહેવાય. તે માટે પુરૂષાર્થ કરવો જ પડે. પૂર્વ જન્મનાં સારાં કર્મોને લીધે આ આ જન્મે વિના પ્રયાસે અર્થની પ્રાપ્તિ થઈ જાય તે શક્ય છે. પણ મોક્ષ પ્રારબ્ધે પ્રાપ્ત થતો નથી. તે માટે તો પુરૂષાર્થ કરવો જ પડે છે. આપણે અર્થ-કામમાં વધારે પુરુષાર્થ કરીએ છીએ અને ધર્મ-મોક્ષ નસીબ પર છોડી દઇએ છીએ ?

આપણે ઉપર જે ત્રણ પ્રકારનાં કર્મો જોઈ ગયા તેમની સરખામણી કરવી હોય તો એમ કહેવાય કે જે તીર હાથમાંથી છુટી ગયું. (ભૂતકાળ) તે સંચિત કર્મ. જે તીર ભવિષ્ય-

માં છૂટશે તે પ્રારબ્ધ કર્મ અને જે તીર હજી આપણા હાથમાં છે તે ક્રિયમાણ કર્મ. આમ ખરેખર તો મનુષ્ય માટે ક્રિયમાણ કર્મ જ આશીર્વાદરૂપ છે. સંચિત કર્મ કે પ્રારબ્ધ કર્મ પર પુરુષાર્થ ચલાવી શકાય તેમ નથી. પુરુષાર્થ માત્ર ક્રિયમાણ કર્મ ઉપર જ ચલાવી શકાય. તીર કેવી રીતે છોડવું તે આપણા હાથમાં છે. જો તીર ઉત્તમ રીતે ચલાવીશું તો ફલ ઉત્તમ મળશે.

"બધી વાસના સંસ્કાર બનશે જે, પુનર્જન્મે પામશો,
દુષિત ચક્ર એ સદાય ફરતું, તેનો શો ઉપાય જો ?...જેવું
ફલ છોડીને કરો કર્મ નિષ્કામ, બાધ ના એનો કશો,
કર્મ તણો મર્મ જાણે રાજર્ષિ, યોગી એ કહેવાય જો"...જેવું

આ પંક્તિ સુંદર વાત સમજાવે છે. આપણે જેને સંસ્કાર કહીએ છીએ તે બીજું કાંઇ નથી પરંતુ આપણી પુરાણી ટેવો જ છે. જ્યારે કોઈ ક્રિયા વારંવાર કરવામાં આવે છે ત્યારે તે મનમાં દૃઢ થઇ જાય છે અને તે સંસ્કાર બની જાય છે. હવે આ જન્મે આપણા જે જે ખરાબ સંસ્કારો, ટેવો છે તે બધું આપણને આવતા જન્મે યથાવત્ પ્રાપ્ત થવાનું છે, કારણકે સંસ્કારો મનમાં હોય છે અને બીજા જન્મે ભગવાન શરીર નવું આપે છે પણ મન તો એ જ જૂનું-પુરાણું મૂકી આપે છે. કોઇનો સ્વભાવ બાળપણથી જ સરળ અને નમ્ર હોય છે તો કોઇક બાળપણથી જ જીવનમાં રાવણનું પાત્ર ભજવવા માંડે છે. આવું શા માટે ? એ બીજું કાંઇ નહીં પણ પૂર્વજન્મના સંસ્કાર છે. માટે આપણે આ જન્મ અને આવતો જન્મ સુધારવો હોય તો આ જન્મથી જ પ્રયત્ન કરવા માંડવો જોઇએ. આ જન્મે બી નાખીશું તો વળી આવતા જન્મે છોડવા થઈ રહેશે. કુસંસ્કારોના દુષિત ચક્રને



તોડવાનો આ જ ઉપાય છે.

કર્મના સિદ્ધાંતમાં એક વાત સમજી લેવાની છે કે મનુષ્ય સારાં કર્મો કરે છે તો તેનું સારું ફલ મળે છે. પણ કોઈ કર્મ-સારું કે ખરાબ-મોક્ષ આપી શકતું નથી. મોક્ષ એટલે જન્મ-મરણના ફેરામાંથી મુક્તિ. મોક્ષ એટલે સઘળી વાસનાઓમાંથી મુક્તિ. જ્યાં સુધી સારાં કે નરસાં કર્મો કરતાં રહીશું ત્યાં સુધી મુક્તિ નથી. મુક્તિ માટે ગીતા નિષ્કામ કર્મ પ્રબોધે છે. કોઈ પણ કર્મ તેના ફલની આસક્તિ વિના કરવામાં આવે તો તે કર્મનું ફલ ભોગવવું પડતું નથી. કોઈ પણ કર્મ કરી તેને શ્રીકૃષ્ણાર્પણ કરવું જોઇએ. ગીતાજીમાં ભગવાન અર્જુનને કહે છે–

" તારી કર્મે જ છે સત્તા, કદાપિ ફલમાં નહીં,
ના હો કર્મફલે કામી, મા હો અકર્મમાં રતિ. "

(ગીતા ગુંજન–૨:૪૭)

આ નિષ્કામ કર્મ તો ક્રિયમાણ કર્મ કેવી રીતે કરવું તે શીખવે છે. પરંતુ આપણા સંચિત કર્મો તો પાકયા વિનાનાં એટલાં બધાં પડેલાં છે કે તેને ભોગવવા માટે પણ અનેક જન્મો ધારણ કરવા પડે. તો મોક્ષ ક્યારે ? આનો ઉપાય પણ ભગવાન ગીતાજીમાં દર્શાવે છે–

"જ્ઞાનાગ્નિઃ સર્વકર્માણિ ભસ્મસાત્કુરુતે તથા." (૩ : ૩૭) અર્થાત્ " જ્ઞાનરૂપ અગ્નિ સર્વ કર્મોને ભસ્મ કરી દે છે." માટે જેમણે મોક્ષની ઇચ્છા હોય તેમણે નિષ્કામ કર્મ કરતાં કરતાં જ્ઞાનની પ્રાપ્તિ કરવી જોઇએ. જ્ઞાન પ્રાપ્ત થતાં બધાં કર્મોનો લોપ થઈ જશે અને અંતે શાશ્વત મુક્તિ પ્રાપ્ત થશે.

# પ્રવૃત્તિની પૂજા

ભૂપતરાય મો. ઠાકર

ભક્ત કવિ કબીરદાસે કહ્યું છે-

जहँ जहँ ड़ोलो सोई परिकरमा, जो कुछ करों सो सेवा ।
जब सोवो तब करो दंडवत्, पूजो ओर न देवा ।
कहो सो नाम, सुनो सो सुमिरन, खात्र पिवों सो पूजा ।

પોતાના કામ-ધંધામાં-પ્રવૃત્તિમાં આત્મીય ભાવ રાખી, શરીર શક્તિ અને બુદ્ધિ-બળનો પૂરો ઉપયોગ કરે છે. મળેલા કામમાં એકાગ્રતા, ચિત્તની સ્થિરતા અને મનની પ્રફૂલ્લિતતા રાખી, હસતા હસતા ગાતા ગાતા કામ કરે છે. તે 'કર્મયોગી' છે. તેનું દરેક કાર્ય પૂજા છે. તેની દરેક હિલચાલ-વ્યવહાર પરિક્રમા છે. સેવા છે.

જે કામને માનસિક ખોરાક અને શારીરિક બળ માનીને નવી ચેતના મેળવી લે છે, કામને પૂજા માને છે તે સાચો ભક્ત છે. નિષ્ઠાપૂર્વક, કાળજીપૂર્વક, ભાવપૂર્વક કામ કરે કિન્તુ કામના ફળને વિચારતો નથી-કૃષ્ણાર્પણ કરે છે. તે વિદેહી છે. તે કર્મનો કર્તા ઈશ્વર છે, દરેક ફળનો દાતા દેવ છે, એમ સમજીને જે કાંઇ કરે છે તે સેવા છે. કામ કરનાર-કર્મ કરનાર તો માત્ર સાક્ષી છે. સાધન છે. તટસ્થ છે.

હાથથી કામ, જીભથી જપ કરનાર સંસારમાં રહેવા છતાં સંન્યાસી છે. સુખ-દુઃખ, સારું-ખરાબ, ભલું-બુરું જેના જીવનમાં સમાન છે, જે બોલે છે તે સ્મરણ છે, જે સાંભળે છે તે જપ છે, જે જુએ છે તે દર્શન છે, જ્યાં જાય છે ત્યાં મંદિર-મૂર્તિ છે, જે સુએ-બેસે છે તે દંડવત્ સમાન છે તેને કોઈ દેવ સેવાની જરૂર નથી. તે સ્વયં સંત છે. સ્વયં ભક્ત



છે. દેવ અને દેહના ભેદ તેને ક્યારેય નથી. અંડ અને બ્રહ્માંડ તેને સમાન છે. ગીતાજીનો 'કર્મયોગ' તે જીવે છે.

ભોજન એ ભજન છે. ભૂખ્યાને જમાડનાર દેવ સેવાનું પૂણ્ય મેળવે છે. કર સાહબ કી બંદગી, ભૂખ્યા કો કુછ દે, એમ કબીરજીએ કહ્યું છે. ભૂખ્યાની આંતરડી ઠરે તો દેવ મળે એમ કહેવું જોઇએ. પોતે જ ખાવું, પોતે જ પીવું એ તો અધમ કોટિનું જીવન છે. સાધુ, સંન્યાસી, ભૂખ્યા, અજાણ્યા, અતિથિને કશુંક આપવામાં તપ છે. લેનાર પણ ઈશ્વર છે, દેનાર પણ ઈશ્વર છે એમ માની નિરંકારી રહેનાર દેવદૂત છે. સંતોના આશ્રમોમાં, અન્નક્ષેત્રોમાં પોતાની કમાણીનો દશાંશ ભાગ આપે છે તે 'કશુંક' મેળવે છે. 'દાનો હાથ ઉલેચીએ, વહી સજ્જનકો કામ' છે. આવી વ્યક્તિઓ ભલે પૂજા-પાઠ ન કરે-કિન્તુ છતાં તેમની પૂજા-અર્ચના કાંઇ કમ નથી જ. અધ્યાત્મ છે.

સંત રોહિતદાસ-કર્મથી ઓછા-પછાત હતા કિન્તુ તેમણે કદિ વિચાર્યું પણ નહોતું કે 'હું શું કર્મ કરું છું.' તેમના ધંધાનું પણ તેમને સ્મરણ ન હતું. કેવો 'કર્મ-યોગ !' આ સંત મીરાંબાઈના, ધન્નાભાઇના ગુરુ બની શક્યા.

આપણી પ્રત્યેક પ્રવૃત્તિ પૂજામય-દેવમય બનવી જોઈએ. આપણો ધંધો-ભક્તિનો વેપાર બનવો જોઇએ. આપણું ધન માનવ સેવા-સાધુ સેવામાં વપરાવું જોઇએ. દૂકાને આવેલો ગ્રાહક દેવ-દૂત છે. તેને સંતોષવો એ સાચા વેપારીનું સદ્-લક્ષણ છે. ગ્રાહકની આંતરડી બળે એવો વેપાર-વ્યવહાર દુષ્ટ કર્મ છે. છેતરપીંડી જેવો કોઈ દુષ્ટ વ્યવહાર નથી. તમારો ગ્રાહક તમારો દેવ છે. તેની સાથેનો વ્યવહાર પૂજામય હોવો જોઇએ. તુલસીદાસ કહે છે सबसे मिलिये हिलिये धाय, स जाने किस रूपमें नारायण मिल जाय । ગ્રાહકજ દેવ હોય તો ?

કશાય ફળની અપેક્ષા વગર, કશી ઉપેક્ષા વગર કરેલું કામ –પ્રવૃત્તિ પૂજામય બને તો જ ઈશ્વર ખુશ થાય.

સ્વામી વિવેકાનંદજી કહે છે. જીવનનું લક્ષ માત્ર સુખ નથી. લોકો કશું સમજ્યા, જાણ્યા વગર ચારે બાજુ દોડાદોડ કરી રહ્યા છે એક બીજાને અથડાઈ–ટીપાઇ રહ્યા છે. લોકો આને–આ ક્રિયાને 'કર્મ' કહે છે 'જીવન કહે છે' એ ખાલી ચળવળ છે એ નથી સાચું જીવન. પોતાની જાતનો વિશ્વાસ કરવો. એ આસ્તિકતા છે. । ૐ ।

[આકાશવાણી–રાજકોટના સૌજન્યથી]

શ્રી યોગેશ્વર કૃપા.

**સંદિપ વેલ્ડીંગ વર્કસ**

ગ્રીલ દરવાજા તેમજ મેઈનગેટના સ્પેશ્યાલીસ્ટ

તેમજ

દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.

મોદી બંગલા, ઉમરા જકાત નાકા પાસે–**સુરત.**



# વિસ્તારથી વિરામ

સંતશ્રી આશારામજી

જેમણે સંસારનો ખૂબ વિસ્તાર કરી દીધો છે, જેમને ઘણી જગ્યાએ આસક્તિ થઈ છે એવા લોકો માટે કબીરજીના આ સુવર્ણ અક્ષર છે. बहुत पसारा मत करो

આ નોંધવા જેવું, ગોખવા જેવું, રાખવા જેવું, પચાવવા જેવું લાગે છે કે નથી લાગતું ?

સંસારનો વધારે વિસ્તાર કરવાથી શું થાય છે ? વધારે વિસ્તાર કરવાથી આપણી ચેતના બહુગામિની થઈ જાય છે, વિખેરાઇ જાય છે. વિખરાયલી ચેતના આપણને આપણા ઘર-થી દૂર લઈ જાય છે. આટલા માટે જ શ્રીકૃષ્ણનાં વચન છે કે

अभ्यासयोगयुक्तेन चेतसा नान्यगामिना ।
परमं पुरुषं दिव्यं याति पार्थानुचिन्तयन् ॥

"હે પાર્થ ! પરમાત્માના ધ્યાનના અભ્યાસરૂપી યોગથી યુક્ત, બીજે ક્યાંય ન જનારા ચિત્તથી નિરંતર ચિંતન કરનાર મનુષ્ય પરમ પ્રકાશરૂપ દિવ્ય પુરુષને અર્થાત્ પરમાત્માને જ પ્રાપ્ત થાય છે."

(ભ. ગીતા ૮. ૮)

આપને વિખરાઈ ગયા, વહેંચાઈ ગયા, વિકેન્દ્રિત થઇ ગયા. આપણને ખબર જ નથી કે ભણીએ છીએ શા માટે ? ભણીએ છીએ પાસ થવા માટે. પાસ થઇએ છીએ કમાવા માટે. કમાઈએ છીએ ખાવા માટે ખાઇએ છીએ જીવવા માટે. જીવીએ છીએ શા માટે ? એ કોઇને ખબર જ નથી. ધ્યાન

આપજો જરા. જીવીએ છીએ શા માટે?

કોઇ જવાબ નથી. બસ જીવીએ છીએ.

કોઇ વધારે ડાહ્યો હશે એ કહેશે કે જીવીએ છીએ મરવા માટે. પરંતુ જરા વધારે ઊંડાણથી જોશો તો ખ્યાલ આવશે કે મોત કોઇને પસંદ નથી. ૬૦ વર્ષની ઉંમરવાળો ૭૦ વર્ષ જીવવા માગે છે, ૭૦ વર્ષની ઉમરવાળો ૧૦૦ વર્ષ જીવવા માગે છે, ૧૦૦ વર્ષ વાળો ૧૦૮ની માળા પૂરી કરવા માગે છે. ૧૦૮ વર્ષ પૂરાં કરી લેનાર પણ અંદરથી મોત નથી ઇચ્છતો

આપણે જીવીએ છીએ મુક્ત થવા માટે. આ વાસ્તવિકતા છે. નાનાં ભુલકાંઓને પૂછો કે રવિવાર આવે છે ત્યારે કેવી આનંદની લહેર આવી જાય છે. જેલના કેદીઓને જ્યારે પેરોલ પર છૂટ્ટી મળેલ છે અથવા એકદમ મુક્ત થવાનો આદેશ આવે છે, ત્યારે કેવા ખુશ થાય છે? તમે સત્સંગ સાંભળો છો, બે ત્રણ કલાક પછી રિસેસ કરીએ છીએ ત્યારે કેવી તાજગી આવી જાય છે? અલબત્ત, સત્સંગ એક ઉત્તમ પ્રવૃત્તિ છે, છતાં સ્વતંત્રતા એટલી પસંદ છે કે રગેરગમાં એની ચાહના ભરી પડી છે.

દરેક જીવ જીવે છે મુક્ત થવાને માટે, પરંતુ એને ખબર નથી. આપણે કમાઇએ છીએ ખાવા માટે. ખાઇએ છીએ જીવવા માટે અને જીવીએ છીએ મુક્ત થવા માટે, મુક્ત થવા માટે. જીવીએ છીએ છતાં આશ્ચર્યની વાત છે કે આજ સુધી મુક્ત થવાને માર્ગે ડગ નથી માંડી શક્યા.

ગયા મંદિરમાં, ગયા મસ્જિદમાં, ગયા દેવળમાં, ગયા તીર્થોમાં. એક ઇચ્છા પૂરી કરવા માટે એની આસપાસ બીજી



દશ ઇચ્છાઓ ગૂંથી લીધી. શુભ કર્મ કરીએ છીએ પરંતુ એવી રીતે કરીએ છીએ કે મુક્તિના બદલે બંધન જ વધી જાય સમેટી લેવાને બદલે આપણે આપણી જાતને વિખેરી નાખીએ છીએ.

જેમની પાસે શ્રદ્ધા છે, સમજ છે એવા લોકો માટે કબીરજીનો આ દોહો છે. આપણા હૃદય પર સોનાના અક્ષરે એ લખી લેવો જોઇએ.

बहुत पसारा मत करो....

જગતનો કેટલોય ફેલાવો કરશો, સંસારની કેટલોય વિસ્તાર કરશો પણ તેમાં આશા તૃપ્ત નહીં થાય આશા નિરાશામાં જ પરિણમશે.

### જીવન ખર્ચાય છે

સુખ ભોગવવા માટે પણ ભોગ આપવો પડે છે, સમય આપવો પડે છે. દુઃખ ભોગવવા માટે પણ સમય આપવો પડે છે, પોતાને ખર્ચવો પડે છે. કોઇ પોતાને દુઃખમાં ખર્ચે છે, કોઇ સુખમાં ખર્ચે છે-પરંતુ ખર્ચ છે જરૂર.

પોતાની જાતનો ખર્ચ થઇ જવો એ એક વાત છે અને પોતાની જાતની ખબર પડી જવી, આત્મસ્વરૂપની ઓળખાણ થઇ જતી એ નિરાળી જ વાત છે.

કોઈ પોતાની જાતને સારા કર્મમાં ખર્ચે છે તો કોઇ ખરાબ કર્મમાં ખર્ચે છે. જાતને ખરાબ કર્મમાં ખર્ચનારને જ્ઞાનમાં, સાધનામાં, સાક્ષાત્કારમાં, મુક્ત અવસ્થામાં અધિકાર નથી. સારા કર્મમાં પોતાને ખર્ચનારને આ અધિકાર છે. ગીતા કહે છે.

आरुरुक्षोर्मुनेर्योगं कर्म कारणमुच्यते
योगारुढस्य तस्यैव शमः कारणमुच्यते ॥

"યોગમાં આરૂઢ થવાની ઇચ્છાવાળા મનનશીલ પુરુષ માટે યોગની પ્રાપ્તિમાં નિષ્કામ ભાવથી કર્મ કરવું એજ કારણ કહેવાયું છે અને યોગારૂઢ થયા પછી એ યોગારૂઢ પુરુષનો જે સર્વ સંકલ્પોનો અભાવ છે તે જ કલ્યાણનું કારણ કહેવાયું છે." (ભ. ગીતા : ૬–૩)

યોગમાં આરૂઢ થવા ઇચ્છતો હોય એના માટે કર્મ કારણ છે. જ્યાં સુધી નિષ્કામ ભાવે કર્મ કરવામાં નથી આવતાં, પુણ્યકર્મ કરવામાં નથી આવતાં ત્યાં સુધી અંતઃકરણ શુદ્ધ નથી થતું. અશુદ્ધ અંતઃકરણમાં જિજ્ઞાસા ઉત્પન્ન નથી થતી. અશુદ્ધ અંતઃકરણમાં જ્ઞાનનાં વચનો ટકતાં નથી, પચતાં નથી. અશુદ્ધ અંતઃકરણમાં અંદરની શોધ કરવાની યોગ્યતા નથી હોતી. અશુદ્ધ અંતઃકરણમાં વિશ્રાંતિ પામેલાઓની વાત પણ નથી પ્રવેશતી.

અશુદ્ધ અંતઃકરણને શુદ્ધ કરવા માટે સેવા પરાયણ થવું ઠીક છે, સત્કર્મપરાયણ થવું ઠીક છે, પરંતુ અંતઃકરણને શુદ્ધ બનાવનારે અંતઃકરણને શાંત બનાવવા તરફ પણ ધ્યાન આપવું જોઇએ.

બુદ્ધ એકવાર પોતાના ભિક્ષુઓ આગળ ગૂઢ વિષયનું પ્રતિપાદન કરી રહ્યા હતા. વિષય ખૂબ રહસ્યમય અને ગંભીર હતો. મોટા ભાગના ભિક્ષુઓ એક ધ્યાન થઈ સાંભળી રહ્યા હતા. એવામાં બુદ્ધ એકાએક મૌન થઇ ગયા. તથાગતનું વક્તવ્ય બંધ પડ્યું. પૂછવા માટે કોઇની હિમ્મત ન ચાલી.



એ દિવસે સભા વિખેરાઈ ગઈ. બધા લોકો ધીરે ધીરે ચાલ્યા ગયા. બીજે દિવસે બુદ્ધે પ્રવચન કર્યું. લોકોએ ખૂબ આદરથી સાંભળ્યું. પછી પ્રશ્નોત્તરી થઇ ત્યારે કોઇ ભિક્ષુએ વિનયથી પૂછ્યું :

"ભગવાન્ ! ગઈ કાલે વિષયને અધૂરો છોડીને આપ એકદમ મૌન થઈ ગયા, તૂષ્ણી થઈ ગયા, નિતાન્ત તૂષ્ણીમ્... શું કારણ હતું ? અમને સંદેહ થતો હતો. કાલે રાત્રે અમે આપસમાં ચર્ચા કરતા હતા આ બાબત વિષે. આપને પૂછવાની અમારી હિંમત ન ચાલી."

તથાગતે કહ્યું, "હું જ્યારે પ્રવચન કરી રહ્યો હતો ત્યારે ત્રણ ભિક્ષુઓ હાથ-પગ હલાવી રહ્યા હતા. મેં વિચાર્યું : હું આટલા ઊંડાણથી બોલી રહ્યો છું અને આ લોકો આટલા બહિર્મુખ છે ? હું આટલો અંદર છું અને આ લોકો આટલા બહાર છે તો સોદો થશે નહિ. જ્યાં સોદો જ ન થવાનો હોય ત્યાં માલ બતાવવો અને આપવો નકામો છે."

મનુષ્ય એટલો ચંચળ છે કે એની ચંચળતા એના સ્થૂળ શરીરમાં દેખાઈ આવે છે. તે પોતાના કેન્દ્રમાં સ્થિર નથી પણ વિખરાયેલો છે. માણસ જેટલો વિખરાયેલો હોય છે તેટલી તેની શક્તિઓ ક્ષીણ થાય છે. એ જેટલો અંતર્મુખ હોય છે એટલી એની યોગ્યતા, ક્ષમતા, શક્તિઓ વિકસિત થાય છે.

બુદ્ધે કહ્યું : "હું ન જાણવાને કારણે મૌન થઇ ગયો એમ નથી. મેં જોયું કે ક્ષમતા વિનાના લોકો આગળ હું બોલી રહ્યો છું. મારું બોલવું વ્યર્થ છે. મારી વાણીનો વ્યર્થ વ્યય થતો મેં અટકાવી દીધો."

બેઠાં-બેઠાં હાથ-પગ હાલે છે એ માણસના મનની અશાંતિનું સૂચક છે. જ્યારે ક્ષુદ્ર પદાર્થોનું ચિંતન થાય છે ત્યારે અશાંતિ થાય છે. ક્ષુદ્ર દેહમાં અહંતા અને દેહના સંબંધોમાં મમતા હોય છે ત્યારે અશાંતિ હોય છે.


સાદા માણસોને પ્રભુ ચાહતો ન હોત તો; આટલા મોટા પ્રમાણમાં એમને સર્જ્યા જ ન હોત ને !

ISI
IS : 10001

ઓ. ૨૫૯૧૭
ફે. ૩૩૬૬૦
ઘ. ૨૮૨૧૪

ખેતીની સિંચાઈ માટે વિશ્વસનીય એન્જીન
"સત્યવાન" તથા "ચંદન"
૬, ૮ તથા ૧૦ હો. પા.

-: બનાવનાર :-

કનેરીયા એન્જીનીયરીંગ વર્કર્સ

ઢેબર રોડ, રાજકોટ-૨




## કાળ-પ્રભુની માયા

કાળ-પ્રભુની માયા આ સહુ
કાળ પ્રભુની માયા !
એ માયામાં સહુ સપડાયા
રંક અને રાયા, હો મનવા !-કાળ પ્રભુની

લઘુતા-પ્રભુતા માનવ સરજે ?
અગમ કો સરજનહારા,
કાળ-બ્રહ્મ-દધિના બુદ્બુદ
વ્યર્થ મનુજ અહંકારા, હો મનવા !-કાળ પ્રભુની

પરિવર્તનશીલ સચરાચાર તે
કાળચક્રની છાયા,
એની ગતિનો તાગ જ લેતાં
ભલાભલા ભરમાયા, હો મનવા !-કાળ પ્રભુની

ડા. રણજિત પટેલ (અનામી)

## " હૃદય રહ્યું છે હસી ! "

પ્રભો, આ હૃદય રહ્યું છે હસી !
વિભો, તવ મૂરત મનમાં વસી ! ટેક.

વિષાદનાં વિખરાયાં વાદળ, ટળી અવિદ્યા-આંધી,
મમતાનું બંધન તો છૂટયું, પ્રીત અનેરી લાધી;
ગયું જ્ઞાન હૈયામાં ઠસી !
પ્રભો, આ હૃદય રહ્યું છે હસી ! (૧)

ત્રિવિધ તાપ ત્રિકમની કૃપાથી, દૂર થયા છે આજે,
સહાયક છે સર્વેશ્વર સરખો, ડરવાનું શા કાજે ?
હવે ચિંતા નથી મને કશી !
પ્રભો, આ હૃદય રહ્યું છે હસી ! (૨)

જીવનરુપી નૌકા મારી, સોંપી હરિને હાથે,
ભાર બધોયે નાખ્યો મેં તો, મનમોહનને માથે;
રહ્યો છે ચમકી સુખનો શશી !
પ્રભો, આ હૃદય રહ્યું છે હસી ! (૩)

ભક્તિ–સુધા–રસ પીતાં મુજમાં શક્તિ અનુપમ આવી,
સત્યસ્વરુપ સહેજે સમજાયું, મળી શાન્તિની ચાવી;
રહ્યું આત્મ-ઓજસ વિલસી !
પ્રભો, આ હૃદય રહ્યું છે હસી ! (૪)

જગદીશચંદ્ર એસ. આચાર્ય (સત્યસ્નેહી)



## વિચારોનું વર્ચસ્વ

[૧]'ન રજા વિણુ કોઈ પ્રવેશ કરે'
તકતી ચકચકતી દ્વાર પરે. ન રજા૦
અજબ મુસાફર છે આ જગના
લવ ન મનાઇહુકમને ગણતા,
વિવિધ વિચારો મહીં વિચરે.
ન રજા વિણુ કોઇ પ્રવેશ કરે.
જરૂર ન મારે જેની જરાયે
(તે) બળજબરીથી ઘૂસી જાયે,
કબજો વિષયવિકાર કરે.
ન રજા વિણુ કોઈ પ્રવેશ કરે
સમજીને જાહેર સરાઇ,[૨]
વણ ભાડાની ભીડ ભરાઈ,
શાંત રહે ન, તુફાન કરે.
ન રજા વિણુ કોઈ પ્રવેશ કરે.
શુભ સંકલ્પે નહિ સ્થિર થાયે
તરલ તરંગે તૃણુ શું તણાયે,
કલુષિત કામવિહાર કરે.
ન રજા વિણુ કોઇ પ્રવેશ કરે.
શરણુ જતાં ગુરુકરૂણા થાતાં,
ઝટપટ ત્યાં બિસ્તર બંધાતાં
પલક મહીં મન ખાલી કરે.
ન રજા વિણુ કોઈ પ્રવેશ કરે.

ડૉ. દક્ષિણા મ. દેસાઈ

---

૧. No admission without permission.
૨. ધર્મશાળા.

## ઓ હંસા

(રાગ : ભીમપલાસી)

ક્યાં છુપાયો ઘટમાં,
ઓ હંસા ક્યાં છુપાયો ઘટમાં...(ટેક)

ઊંચી જાતની માળા લાવ્યો, મણુકા એકસો આઠ;
દિનરાત હું રોજ ફિરાવું, દીઠો નહિ મણુકામાં
...ઓ હંસા૦

ભાલ ઉપર ત્રિપુંડ કીધાં, લાલ પીળાં ને ભૂખરાં;
ગોળ કીધાં ને લાંબા કીધાં, દીઠો નહિ ત્રિપુંડમાં
...ઓ હંસા૦

જાતજાતનાં કપડાં પહેર્યાં, લાલ પીળાં ને ભગવાં;
હજાર ગજ પહેરીને ફાડ્યાં, દીઠો નહિ કોઇ રંગમાં;
...ઓ હંસા૦

જાપ કીધા ને ત્રાટક કીધાં, દાન દક્ષિણાં દીધાં;
એકાદશી ને આઠમ કીધાં, દીઠો નહિ કોઇ ઢંગમાં
...ઓ હંસા૦

કૃપા કરો હવે ગુરુજી મારા, પામર જીવ મુંઝાયે;
એક વાર હંસલો ભાળી લઉં તો, ફરી ન આવું જગમાં

પ્રો. પી. ડી. પાઠક



## મુક્તક મંજરી

### પ્રભુ-ભાવ

નથી ચાહતા, નથી ગમતું છતાં આવી મળે છે જે,
પ્રભુ-ભાવ દૃઢવવાને, ખરી કૃપા-પ્રસાદી તે !
બધું જેવું અને તેવું, પ્રભુ-ભાવે સહી લેશે,
રસીલો ભાવ હૈયામાં, ઝરણુ પેઠે ત્યહીં વહેશે !

### જીવન-સંબંધ

જીવનના મુખ્ય સંબંધો, ન અકસ્માતે મળેલા છે !
'ઋણાનુબંધ'ની રીતે, મળેલા ને ભળેલા છે !
સ્વરૂપ સંબંધનુ જે હો, તહીં જે ધર્મ તે પ્રત્યે–
બજાવીને રૂડી રીતે, પરસ્પર સૌ સુખી થઇએ !

### સમાયોજન

વાજિંત્ર જુદાં હો ભલે, કૈં ઘાટનાં કૈં જાતનાં !
સમ-સ્વર[1] મહીં યોજાય તો, શું મધુર સંગીત સાંપડે !
ત્યમ, ઘર અગર સંસારમાં 'વ્યક્તિત્વ' જુદાં હો ભલે,
જો સમાયોજન[2] સધાયે, ધન્યતા શી સાંપડે !

રતિલાલ ભાવસાર

---

૧. Harmondy.
૨. Adjustment.

## પરદેશના નવા આજીવન સભ્યો

૫. પૂ. યોગેશ્વરજીની કૃપાથી અધ્યાત્મના પરદેશના આજીવન સભ્યોમાં પણ વધારો થતો રહ્યો છે. નવા નોંધાયેલ આજીવન સભ્યોના નામ આ પ્રમાણે છે.

૮૧. શ્રી અરવિંદ એમ. ભક્ત, ઈરવીંગ, યુ. એસ. એ.
રૂા. ૧૫૦૧

૮૨. શ્રી એલ. પી. ભક્ત, નોરવોક, યુ. એસ. એ.
રૂા. ૧૫૦૧

બન્નેને અભિનંદન.

---

## સહાયક પેટ્રન

મોરબીના યુવાન સાધક ને પૂ. શ્રી તેમજ પૂ. માના એકનિષ્ઠ ભક્ત શ્રી બાલમુકુન્દભાઈ શ્રોફ આજીવન સભ્યમાંથી રૂા. ૨૫૦ ભરી સહાયક પેટ્રન થયા છે. શ્રી બાલમુકુન્દભાઈને તેમની સદ્‌ભાવના બદલ અભિનંદન.

---

## સદ્‌ભાવભરી ભેટ

સાધકો અને વાંચકો અધ્યાત્મને મદદરૂપ થવાની શુભ ભાવનાથી ભેટ મોકલતા રહે છે. છેલ્લે મળેલી સહાયની વિગત નીચે પ્રમાણે છેઃ-

રૂા.
૨૫ કીર્તિબેન વિનોદભાઈ જોષી, વડોદરા.
૫૧ કીર્તિબેન ભોજાણી મોરબી, નવા ઘરના વાસ્તા નિમિત્તે.
૨૧ શ્રી કુંવરજીભાઈ રાબડીયા, બોલ્ટન.



# ધ્યાનસાધના શિબિર

## શિબિરના વિશેષ નિયમો

આપને જણાવતાં આનંદ થાય છે કે મહાત્મા યોગેશ્વરજીના આશીર્વાદથી પૂ. મા સર્વેશ્વરીના સાનિધ્યમાં ત્રણ દિવસની ધ્યાન સાધના શિબિરનું આયોજન વડોદરા પાસે આવેલા પવિત્ર તીર્થધામ કાયાવરોહણના મંદિરના અતિથિગૃહમાં કરવામાં આવ્યું છે, આપ સૌને શિબિરમાં ભાગ લેવા હાર્દિક આમંત્રણ છે.

**તારીખઃ**–૧૮/૧૯/૨૦ મે ૧૯૮૫, શનિ, રવિ, સોમ (ત્રણ દિવસ)

**સ્થળઃ**-અતિથિ ગૃહનો હોલ, કાયાવરોહણ તીર્થધામ.

૧. શિબિરમાં ભાગ લેનાર શિબિરાર્થીએ દૈનિક કાર્યક્રમમાં ભાગ લેવો જરૂરી છે.

૨. ભાગ લેનારે વ્યસન વિનાનું સંયમી અને સ્વાવલંબી જીવન જીવવાનું રહેશે.

૩. શિબિરમાં આવનારે પોતાની અંગત જરૂરિયાતની વસ્તુઓ ઉપરાંત ઓઢવા માટેની એક ચાદર, આસન, બેટરી, પ્યાલો વિગેરે પણ લાવવું.

૪. ધાર્મિક પાઠ માટે પૂ. શ્રી યોગેશ્વરજી રચિત, સરળ ગીતા, શિવ મહિમ્ન સ્તોત્ર, વિષ્ણુસહસ્ર નામનાં પુસ્તકો પોતાની પાસે હોય તો લઈ આવવાં જરૂરી છે.

૫. શિબિર સ્થળે આવવા માટે વડોદરા એસ. ટી. ડેપોથી તથા ન્યાયમંદિરથી દર એક કલાકે એસ. ટી બસની સગવડ મળી રહે છે.

૬. મંદિરના ભોજનાલયમાં દરરોજ બે ટંક સાદુ ભોજન મળશે. ચા, કોફી કે વિશેષ નિયમવાળા ભાઈબેનોએ પોતાની સગવડ કરી લેવાની રહેશે.

૭. તા. ૧૭/૫/૮૫ને શુક્રવારે સાંજે ૫-૦૦ વાગ્યાથી શિબિરના સ્થળે ઉતારાની તથા ભોજનની સગવડ પણ રાખવામાં આવી છે.

શિબિરમાં ભાગ લેનારે ભોજન અને નિવાસના ખર્ચ પેટે વ્યક્તિદીઠ ૩૦/–રૂપિયા ભરવાના રહેશે. ૧૨ વર્ષથી નાના બાળકો માટે ૧૫/–રૂપિયા ભરવાના રહેશે. ખર્ચની તે રકમ નીચેના સરનામે મનીઓર્ડરથી મોકલી નામ નોંધાવી દેવું અત્યંત જરૂરી છે.

નાણાં મોકલવાનું સરનામું:-
શ્રી યોગેશ્વર સત્સંગ મંડળ
C/o જીતુભાઈ ગાંધી, ૫૫, અરૂણોદય સોસાયટી,
અલકાપુરી, વડોદરા-૫

### શિબિરનો દૈનિક કાર્યક્રમ

૫-૪૫ થી ૬-૩૦ સમૂહ ધ્યાન (પ્રથમ બેઠક)
૭-૦૦ ,, ૭-૧૫ ગુરુ વંદના
૭-૧૫ ,, ૮-૧૫ સમૂહ ધ્યાન (બીજી બેઠક)
૮-૧૫ ,, ૯-૧૫ વ્યાયામ
૯-૧૫ ,, ૯-૪૫ વિશ્રામ
૯-૪૫ ,, ૧૦-૦૦ ભજન
૧૦-૦૦ ,, ૧૦-૩૦ સમૂહ ધ્યાન (ત્રીજી બેઠક)
૧૦-૩૦ ,, ૧૧-૦૦ સંકીર્તન
૧૧-૦૦ ,, ૧૨-૦૦ પૂ. શ્રી યોગેશ્વરજીની અમૃતવાણી



૧૨-૦૦ ,, ૩-૦૦ ભોજન અને વિશ્રામ
૩-૦૦ ,, ૪-૦૦ ધાર્મિક પાઠ
૪-૦૦ ,, ૫-૦૦ સમૂહ ધ્યાન (ચોથી બેઠક)
૫-૦૦ ,, ૬-૦૦ પ્રાસંગિક વાર્તાલાપ
૬-૦૦ ,, ૬-૧૫ શાંતિપાઠ
૬-૧૫ ,, ૭-૦૦ મંદિરમાં આરતી
૭-૦૦ ,, ૮-૩૦ ભોજન
૮-૩૦ ,, ૯-૦૦ ધૂન

### ખાસ નોંધ

છેલ્લા કેટલાક દિવસોથી અમદાવાદમાં અશાંત પરિસ્થિતિ છે. તેને પરિણામે કાગળની ખરીદી અને ટ્રાન્સપોર્ટ અટકી ગયાં છે. જો આ પરિસ્થિતિ હજુ વધુ વખત ચાલુ રહેશે તો જૂન, ૮૫નો અંક છાપવાના કાગળોના અભાવે બંધ રાખવો પડશે. તે પછીનો સંયુક્ત અંક બહાર પાડવા પ્રયત્ન કરવામાં આવશે, જેની વાંચકોને નોંધ લેવા વિનંતી છે.

તંત્રી

તમે જેટલું લ્યો છો એથી વધુ આપવાનું અમલમાં મૂકો ત્યારથી તમારી પુખ્તતા શરૂ થઈ એમ માનજો.

ગમતું જ કામ કરવું એને બદલે જે કામ કરીએ તે મનને ગમાડવું એમાં સુખનું રહસ્ય સમાયું છે.

# પરમ પૂજ્યશ્રી યોગેશ્વરજીનો પ્રથમ પ્રાકટ્યોત્સવ

[ટોરેન્ટો ધ્યાન કેન્દ્રનો સંદેશો]

દેવભૂમિથી પણ અધિક મહિમાવાળી ભારતવર્ષની ઋષિ મુનિસેવિત તપોભૂમિમાં અતીતકાળથી માંડીને અદ્યતન કાળ-પર્યંત જુદાજુદા અનેક અલૌકિક સંતો, મહાત્માઓ, યોગી-ઓ, તપસ્વીઓએ જન્મીને પોતાના લોકોત્તર જીવનદ્વારા પ્રેરણા તથા પ્રકાશ પાથરીને. અસંખ્ય આત્માઓને પથપ્રદર્શન પહોંચાડી જ્યોતિર્ધર તરીકેનું કલ્યાણ કાર્ય કર્યું છે. પૂ. શ્રી યોગેશ્વરજીએ જ્યોતિર્ધરોની એ પ્રાણવાન પરંપરાને વધારે પ્રકાશવંતી કરી છે, તથા પ્રાણવાન બનાવી છે.

ગુજરાતની પુણ્યભૂમિના એમના સાબરમતી તટ પરના નાનકડા જન્મસ્થાનથી માંડીને પોતાની ઈશ્વરપરાયણ પ્રવૃત્તિ-થી પૂ.શ્રીએ ભારતવર્ષ અને વિદેશના દેશોમાં વસતી ભક્તિ-પ્રિય અને ઈશ્વરાભિમુખ થવાની તીવ્ર ઇચ્છા ધરાવતી અનેક વ્યક્તિઓ, સંસ્થાઓ અને સમાજોને પોતાની જ્ઞાનગંગાથી પાવન કર્યાં છે.

પૂ.શ્રીએ વર્ષોસુધી હિમાલયમાં આકરી તપશ્ચર્યા કરી છે. જિંદગીનાં અનેક વર્ષો તેઓએ કઠોર સાધનામાં વીતાવ્યાં છે. વિવેકની સાક્ષાતમૂર્તિ, સૌજન્યનો સાગર, વિદ્વાન, જ્ઞાની સંત, કવિ અને લેખક એવા પૂ. શ્રી તા. ૧૮-૩-૮૪ને રવિવારની રાત્રિના મુંબઇની કાંદિવલીના લક્ષ્મીનારાયણના મંદિરમાં "ભાગવત" ઉપર પ્રવચન આપતાં આપતાં જ બ્રહ્મલીન થઇ ગયા, પ્રવચનનું તેમનું પ્રેરક અને છેલ્લું વાક્ય



હતું. "જીવ જ્યાંથી આવે છે ત્યાં પાછો જાય છે. ત્યારે શાંતિ પામે છે." પરિતૃપ્ત જીવનની એ અનોખી વિદાય હતી. સ્થૂળદેહે પૂ. શ્રી આપણી સાથે ભલે નથી પણ સૂક્ષ્મદેહે તેઓ હંમેશાં તેમના પરિવારના ભક્તોની કાળજી રાખે છે. શ્રદ્ધા ભક્તિ અને ધીરજ ભક્તોમાં હોય તો દર્શન પણ આપે છે– ધૂપસળી થઇને, સુગંધ વહાવીને પૂ. શ્રી દિશાઓમાં ભળી ગયા. અધ્યાત્મના વાંચકોને તેની જાણ હશે જ.

આજે આપણે સૌ શ્રદ્ધા ભક્તિથી અને સાચા અંતરથી પૂ.શ્રીને તેમના પ્રથમ વાર્ષિક પ્રાકટ્યદિવસે પ્રેમાંજલિ અર્પણ કરીએ અને તેમનાં પ્રવચનોમાં જણાવ્યું હતું તેમ શ્રદ્ધાનું શ્રીફળ અને પ્રેમનું નાણું અર્પણ કરીએ. સાથે સાથે પૂ. શ્રીના બ્રહ્મલીન થયાને એકવર્ષ થયું છે પણ હજુ પૂ. "મા" સર્વેશ્વરીએ અન્નનો દાણો લીધો નથી. આપણે સૌ પૂ.શ્રીને પ્રાર્થીએ કે પૂ. 'મા'નું વ્રત, (પૂજ્યશ્રીનાં સાક્ષાત્ દર્શન અને સદેહે આવીને પૂ. 'મા'ને જમાડવાનું)-જલ્દી પૂર્ણ કરે અને યોગેશ્વર પરિવારની ઉપર પૂ.શ્રીના આશીર્વાદ ઊતરે-- પૂ. સર્વેશ્વરીમાની ગુરુભક્તિ અને શ્રદ્ધાભક્તિને કોટિવંદન હો!

પહેલાં તમારી વૃત્તિ, પ્રકૃતિ અને પ્રવૃત્તિને પલટી નાંખો; સમય અને સંજોગો પછી આપમેળે પલટાઇ જશે.

કોઇપણ માણસ એટલો શ્રીમંત તો નથી જ નથી કે જે પોતાનો ભૂતકાળ ફરીથી ખરીદી શકે.

# પ્રકૃતિ

સંકલન શ્રી ઈશ્વરભાઈ શાહ

(પ. પૂ. સ્વામીશ્રી સંપૂર્ણાનંદજીબાપુ યોજીત સાધના શિબીરના સત્સંગમાંથી)

પ્રકૃતિ એટલે (૧) મન-બુદ્ધિ ચિત્ત-અહંકાર (૨) પાંચ જ્ઞાનેંન્દ્રિયો (૩) પાંચ કર્મેંન્દ્રિયો (૪) પાંચ ભૂતો મળી કુલ તત્વો ૨૪ + ૧૪ (૬) ત્રણ અવસ્થા (૭) ત્રણ ગુણ (૮) ત્રણ દેહો (૯) પાંચ કોશો કુલ ૧૪=૩૮

આ બધા જડ છે. તેમને પોતાનો પ્રકાશ નથી, પણ બ્રહ્મના પ્રકાશથી પ્રકાશિત છે. (૧) મન-બુદ્ધિ-ચિત્ત-અહંકાર (૨) પાંચ જ્ઞાનેંદ્રિયો (૩) પાંચ કર્મેંઇન્દ્રિયો અને (૪) ત્રણ દેહો વિશે વાત થઇ ગઈ, હવે પાંચ વિષયો છે. શબ્દ-સ્પર્શ-રૂપ રસ અને ગંધ.

જ્ઞાન-ઇન્દ્રિયો કર્મ-ઇન્દ્રિયો મારફત વિષયો ગ્રહણ કરે છે. આંખ પેંડા જુએ છે એટલે પગને કંદોઇની દુકાન તરફ ધકેલે છે. શા માટે ? કે પેંડાનું રૂપ જોયું. હવે જેને પેંડાના રસ-સ્વાદનો ખ્યાલ છે તેજ રૂપથી આકર્ષિત થશે. જેને પેંડા શું તે ખ્યાલ નથી તે ભલે તેની આંખ પેંડા જુએ પણ પગ-ને ધકેલશે નહિ.

વિષયો પોતે ખરાબ નથી. વિષયો તો બ્રહ્મનો મહિમા છે. રૂપ ખરાબ નથી પરંતુ રૂપને કુરૂપ તથા સુરૂપ જોવું તે ખરાબ છે. શબ્દ ખરાબ નથી. બધા શબ્દો બ્રહ્મ છે. પણ સારા અને ખરાબ શબ્દોનું શ્રવણ તે ખરાબ છે. સ્પર્શ ખરાબ નથી પણ સુવાળું બરછટ જાણવું ખરાબ છે. રસ ખરાબ નથી પણ મીઠો-કડવો-ખાટો જાણવો ખરાબ છે. ગંધ



ખરાબ નથી પણ સુગંધ-દુર્ગંધના વિભાગ ખરાબ છે. આ પ્રમાણે વિષયો ખરાબ નથી પરંતુ તેનું વિભાજન ખરાબ છે.

આ પાંચ વિષયોમાં તમારા બધા ભોગ આવી જાય છે. આ ભોગોનો ત્યાગ નહિ. ત્યાગ કરનારાઓએ લાખ જન્મો ગુમાવ્યા છે. વિષયોનો સંબંધ વિચ્છેદ કરો. મારા ન માનો " મારા ન માનવા " તેનું નામજ ત્યાગ છે.

હવે પાંચ ભૂતો:-આકાશ, વાયુ, અગ્નિ, જલ અને પૃથ્વી

| | જ્ઞાનઇન્દ્રિયો | તેની કર્મેન્દ્રિય | અને વિષય | પાંચભૂતો | તેના વિષય |
|---|---|---|---|---|---|
| ૧ | આંખ | પગ | રૂપ | આકાશ | શબ્દ |
| ૨ | કાન | વાણી | શબ્દ | વાયુ | સ્પર્શ |
| ૩ | નાક | ગુદા | ગંધ | અગ્નિ | રૂપ |
| ૪ | ત્વચા | હાથ | સ્પર્શ | જલ | રસ |
| ૫ | જીભ | ઉપસ્થ | રસ | પૃથ્વી | ગંધ |

આ ભૂતો જે પાંચ છે તેમાંથી ૮૪ લાખ યોનિઓના દેહો બને છે. આ પાંચ ભૂતોમાંથી બધા પ્રકારનાં ધાન્ય-ઘઉં, ચોખા, ખાંડ વિગેરે, બધા પ્રકારનાં કપડાં, બધા બંગલા-ઝુપડાં કારખાનાં વિ. બને છે. એટલે નીચે પ્રમાણે સાબીત થયું કે

શરીર બધાં-પાંચભૂતો
ખોરાક બધાં-પાંચભૂતો
વસ્ત્રો બધાં પ્રકારનાં-પાંચભૂતો
મકાનો બધાં પ્રકારનાં-પાંચભૂતો

} અહીં માત્ર આકાશ, જલ પૃથ્વી પાંચભૂતોની રમત ચાલે છે. શરીરો તેમાંથી જન્મે છે, તેનાથી પોષાય છે. પાછાં તેમાં વિલીન થાય છે.

આ પાંચભૂતો ઈશ્વરની સામગ્રી છે. તેમાંથી જાત જાતના રંગીન રૂપાળાં શરીરો ઉત્પન્ન થાય છે અને પાછાં તે શરીરોમાં અસહ્ય રોગ જન્મે કે શરીર ન ચાલી શકે તો તેના શરીરને પ્રકૃતિમાં વિલીન કરે છે. સામગ્રી જેટલી હતી તેટલી જ રહે છે. તેમાં વધઘટ થતી નથી. આ કારણે લડાઈથી માણસો મરે તો ઈશ્વરને દુઃખ નથી. માણસો હાજર છે. સંસારમાં પણ કુંભારને તાવડી બનાવતાં, તાવડી જરા ગોળ ન લાગે તો તરત દંડો મારી, ફોડી માટી સાથે માટીમાં માટી મેળવી ફરી પાછી બનાવે છે. કુંભારને દંડો મારી તાવડી ફોડતાં જરાપણ દુઃખ થતું નથી, કારણકે મસાલો તૈયાર છે. જ્યારે પ્રલય પછી સૃષ્ટિનું સર્જન થાય છે, ત્યારે બ્રહ્મ પ્રકૃતિને અડે છે એટલે પ્રથમ આકાશ જન્મે છે. આકાશ કરતાં બ્રહ્મ મોટું છે. પછી વાયુ જન્મે છે, પછી અગ્નિ જન્મે છે, પછી જલ જન્મે છે, પછી પૃથ્વી જન્મે છે.

પૃથ્વીનો બાપ જલ છે એટલે પૃથ્વી જળમાં તરે છે. જ્યાં ખોદો ત્યાં પાણી તેથી નીકળે છે. જલનો બાપ અગ્નિ છે. જેથી અગ્નિ હોલવવા જલ દીકરો કામ લાગે છે. બાપ અગ્નિ, દીકરો જલ આવતાં ઠરી જાય છે. અગ્નિનો બાપ વાયુ છે. બાપ વાયુ આવે એટલે અગ્નિ દીકરો-બાપ આવ્યા તેના હર્ષથી વધુ સળગે છે. જ્યારે બાપ વાયુ ન હોય તો અગ્નિ દીકરો હોલવાઈ જાય છે. વાયુનો બાપ આકાશ છે. એટલે વાયુ વિના કોઇ જગ્યા ખાલી નથી. આકાશની આ પ્રકૃતિ છે. પ્રકૃતિનો પતિ બ્રહ્મ છે.

લોકો સુંદર શરીર, ધન, બંગલા, સુંદર પત્ની, કહ્યાગરા પુત્રો વગેરે ઇચ્છે છે. તેઓ બ્રહ્મને નથી ઇચ્છતા પણ પ્રકૃતિને ઇચ્છે છે. આવાને શાસ્ત્રોમાં નાસ્તિક કહેલ છે. તેઓની



પૂજા શ્રમ છે. શ્રમથી તેઓ બધુ મેળવે છે. કારણકે મૂળ તો બ્રહ્મનો બેટો છે.

ધ્રુવે શરીરથી જે તપ કર્યું, તે શ્રમ છે. તપથી દેવતા ગભરાય છે. દેવતાના કહેવાથી વિષ્ણુ આવી ધ્રુવનું તપ છોડાવે છે. ધ્રુવનો ટેસ્ટ કરે છે. બેટા માંગ. ધ્રુવની નાની ઉંમરના કારણે બુદ્ધિ પરિપકવ નથી, જેથી બોલી શકતો નથી. ભગવાન પોતાનો શંખ ધ્રુવના માથે અડાડે છે. તો ધ્રુવ પ્રાર્થના કરે છે, માંગતો નથી. ભગવાન જાણે છે કે ધ્રુવના તપનું કારણ કામના–રાજ્ય પ્રાપ્ત કરવાની છે એટલે ભગવાને કહ્યું, ભલે તું ન બોલે. પણ હું તારા તપથી પ્રસન્ન છું. હવેના જન્મે તને ધ્રુવપદ મળશે.

ધ્રુવ કહે–ભગવાન ધ્રુવપદ શું ? તે મને સમજાવો.

ભગવાન કહે–ધ્રુવ, રામ રામ કર. તે સમજાવામાં મઝા નથી. ધ્રુવે હઠ પકડી તો ભગવાન કહે સાંભળ ધ્રુવ, ધ્રુવ તે પાંચ ભૂતો જે નાશવાન છે તેના માટે આટલું તપ કર્યું ? મારી ભુલ થઇ. ભગવાન કહે–ધ્રુવ ગોવિંદ ગોવિંદ કર. પસ્તાવો ન કર. તે માંગ્યું અને મેં આપ્યું. આપવામાં મારી પાસે પાંચ ભૂતોજ છે. નાસ્તિકો, વિજ્ઞાનિકો આ પાંચભૂતો જે બ્રહ્મનું ઐશ્વર્ય છે તે માગે છે, અને બ્રહ્મ, તેને બેટો જાણી આપે છે. હવે આસ્તિક ઐશ્વર્ય જે પાંચભૂતો છે, તેને માંગતો નથી. પણ બ્રહ્મ પોતાને ઇચ્છે છે. બેટો કહે છે કે, બાપા, મારો જન્મ તમારે ત્યાં થયો કે તરતજ તમારી મિલ્કતનો હું આપોઆપ વારસદાર બનું છું તો શા માટે માગું ? માગે તેને તેના બાપની ખબર નથી. હું આસ્તિક છું. મને મારા બાપની ખબર છે.

તમને બધાને તમારા બાપની ખબર નથી એટલે પાંચભૂતો જે સુંદર શરીર-વસ્ત્રો–બંગલા–નોટો માગો છો. આ

બધુ તમારો બાપ બ્રહ્મ છે. (મોટો તમારો બાપ બ્રહ્મ, બંગલા મોટર વિગેરે તમારો બાપ બ્રહ્મ) તમે દીકરા છો, પણ બાલક બુદ્ધિના જાણી આ બ્રહ્મ તમે માગો તેમાંથી ઓછું-વત્તુ જરૂર આપે છે. બ્રહ્મના તમે દીકરા છો જેનું નામ શાસ્ત્રોમાં આત્મા-જીવ આવે છે જે આત્માનો પૂર્ણ વિકાસ થાય છે તે પૂર્ણ, મહામાનવ બને છે. જેને શાસ્ત્રોમાં ઈશ્વર નામ આપ્યું છે.

પ્રશ્નઃ- પહેલાં માનવ થાય પછીજ મહામાનવ-ઈશ્વર થાય? સર્જનથી ઈશ્વર નથી?

જવાબઃ- શાસ્ત્રોમાં ઉલ્લેખ છે. પણ ઘણા ઈશ્વર કહેવાતા મહામાનવો પૂર્વજન્મોમાં સાધના કરી આ જન્મે જન્મતાંજ પૂર્ણમાનવ બની શકે છે. જીવન સળંગ છે. મનુ-શતરૂપાએ સાધના શરૂ કરી. ૫૦ જન્મ ગયા. વિકાસ વધતો ચાલ્યો તો દ્વાપરમાં દશરથ-કૌશલ્યા બન્યાં. અને તેમના બ્રહ્મમય જીવન જીવવાથી રામ જે પૂર્ણમાનવ હતા તે પ્રગટ થયા.

બ્રહ્મ છે તેની અનેક સાધના છે. પૂર્ણ બ્રહ્મ શકયજ નથી. બ્રહ્મની (૧) મર્યાદા સાધના પકડી રામ બન્યા. બ્રહ્મની (૨) અહિંસાની સાધના પકડી મહાવીર બન્યા. બ્રહ્મની (૩) કરૂણા-ની સાધના પકડી બુદ્ધ બન્યા. બ્રહ્મની (૪) પ્રેમની સાધના પકડી કૃષ્ણ બન્યા.

જો તમો શ્રવણ માત્ર જ્યાં સુધી કરશો, ત્યાં સુધી હતા ત્યાંના ત્યાંજ છો. શ્રવણ માત્ર આસ્થાનો વિષય છે. વેદમાં કહી દીધું "બ્રહ્મ છે, બ્રહ્મ છે, બ્રહ્મ છે." આ વાત "બ્રહ્મ" શ્રવણ કરો તો માત્ર ભટકામણ છે. બુદ્ધિમાં ભરેલ શબ્દોનો ભાર છે.

હું તમને કહું છું. રામાયણભાગવત કહે છે કે "તમે શરીર નથી." બસ કરી લ્યો આસ્થા પણ આસ્થા નહિ થાય.



"આ મારૂં શરીર છે. આ મારી પત્ની છે, દીકરો, મકાન વગેરે છે," આ બધામાં જેવી આસ્થા છે તેવીજ આસ્થા "હું શરીર નથી." તેમાં કરો. બોલો કયાં વાંધો છે?

બ્રહ્મમાંથી જન્મે તે પૂર્ણ બ્રહ્મજ છે. બ્રહ્મ નિર્ગુણ છે. જ્યારે તે બ્રહ્મ અહિંસા, સત્ય, પ્રેમને લઈને સગુણ બને તો તે પણ બ્રહ્મ છે. પણ આટલું યાદ રાખજો કે રામ-કૃષ્ણના જીવનમાં જે ચમત્કારોની વાત છે તે વ્યાસ એ તુલસી તથા તેમના સાધ્ય પ્રત્યે પ્રેમ દર્શાવવા છે. બાકી ચમત્કાર જેવું કાંઇ નથી. હા, જરૂર જે પ્રકૃતિ સાથે એક છે તેને પાંચ મિનિટ પછી શું થશે તે જાણતો હોય છે છતાં તે મૌનજ હોય છે. રામ બ્રહ્મ છે. પ્રકૃતિ સાથે એકતા છે જેથી વન-વાસ થવાનો છે તે જાણે છે, છતાં તે વસિષ્ઠને મુહૂર્ત પૂછે છે ત્યારે આમ હસે છે.

પ્રશ્નઃ-રામ અભિનય કેમ કરે છે?

જવાબઃ-રામને અભિનય કરવા માતા પ્રકૃતિએ મોકલેલ છે. કે તું પૂર્ણ બ્રહ્મ છે. સંતો-ભકતો દુઃખી છે એટલે બ્રહ્મ પણ ભકતોના દુઃખથી જ્યારે દુઃખી થાય છે ત્યારે સગુણ બને છે. પછી જ્યારે આવે છે ત્યારે સાથોસાથ રાવણ-કંસને પણ મારે છે.

પ્રશ્નઃ-પ્રકૃતિ એટલે શક્તિ ખરી?

જવાબઃ- શરીર શું છે? પ્રકૃતિ. શરીરમાં બળ મુખ્ય. બળ તે શક્તિ છે. એટલે પ્રકૃતિને સંબંધબળ યોગ્યતા સાથે છે. આ બધા શરીર ધર્મ છે. માતા દુર્ગા તે શક્તિનું પ્રતિક છે. હવે તમારા સ્વરૂપ પ્રાપ્તિ માટે બે સાધન છે. (૧) પ્રકૃતિને છોડો. હું પ્રકૃતિ નથી. તેમ દઢ થાય તોપણ પાછળ રહે તે આત્મા હશે. (૨) સ્વયં તમે તમારૂં સ્મરણ કરીને સ્વરૂપ પ્રાપ્તિ કરી શકો.

(ક્રમશઃ)

# કપૂરાનો મંગલ મહોત્સવ

—શ્રી હરેન્દ્ર પાઠક

બાળપણમાં જે આદર્શ માતા-પિતાએ પૂ. મા સર્વેશ્વરીને રામાયણની રસલ્હાણ ધરી, તે મંદિર જેવા પવિત્ર ઘરમાં જ પૂ. શ્રી યોગેશ્વરજી રચિત પદ્યાનુવાદ રામચરિત માનસના પારાયણનો કાર્યક્રમ તા. ૨૨/૩/૮૫ થી ૩૦/૩/૮૫ ના દિવસોમાં ગોઠવાયો.

ગુજરાતના ગોકુળજેવા એ નાનકડા સુખી સંપન્ન, સુશિક્ષિત ભક્ત સમાજના કપૂરા ગામમાં પૂ. મા સર્વેશ્વરી પોતાના માતાજીની બીજી પુણ્યતિથિ નિમિત્તે પધાર્યાં. અમને પણ એ નિમિત્તે પારાયણના કાર્યક્રમમાં ભાગ લેવા આમંત્રણ મળ્યું હોવાથી અમે પણ ત્યાં પહોંચી ગયા.

તા. ૨૨ માર્ચ સવારે ૮ ૦૦ વાગે પારાયણનો શુભારંભ થયો. કપૂરાના જ્ઞાની ભક્ત પુરુષ અને શ્રી યોગેશ્વર ધ્યાન કેન્દ્રના સંચાલક શ્રી ઈશ્વરભાઈની ઇચ્છા અને સૂચના અનુસાર પૂ. શ્રી યોગેશ્વરજીએ રચેલા એ રામચરિતમાનસના પુસ્તકને સન્માનપૂર્વક લઇ જવામાં આવ્યું. પૂ. શ્રી યોગેશ્વરજી જ્યાં નિવાસ કરતા ત્યાંજ પૂ. માનો ઉતારો હતો. તે દિવાળી સદનથી પોથી યાત્રા શરૂ થઇ. યાત્રામાં આગળ પુરુષ વર્ગ હતો સાથે ગામની ભજન મંડળી કીર્તન કરતી હતી. મધ્યમાં સુશોભીત મોટરકારમાં પૂ. શ્રી યોગેશ્વરજી તથા ભગવાન શ્રી રામ તથા શ્રી હનુમાનજી તસ્વીર સ્વરૂપે બીરાજમાન હતા. મોટરકારની પાછળ જ પૂ. મા સર્વેશ્વરી ખુલ્લા પગે શાંતિથી ચાલતાં હતાં. તેમની પાછળ યજમાન પરિવારના શ્રી ગંગાબેન ખૂબ આદર ભાવથી માથા ઉપર



પોથી મૂકી ચાલતાં હતાં. સાથે ગામની બેનો સુંદર ભજનો ગાતાં ગાતાં યાત્રામાં ચાલતી હતી.

પોથી યાત્રા પૂ. માના પિતાજીના ઘરે પહોંચી ત્યારે પ્રણાલિકા મુજબ પૂ. શ્રી તથા પૂ. માનું તથા પોથી સહિત સૌ દેવોનું ચંદન-પુષ્પાહારથી પૂજન તથા શ્રીફળથી સ્વાગત કરવામાં આવ્યું.

એ પવિત્ર મંદિર જેવા ઘરનો આગળનો ભાગ હોલ જેવો જણાયો. દેવસ્થાન પણ ત્યાંજ હતું. તે દેવસ્થાનની પાસે પૂ. માની બેઠક હતી. બે વર્ષ પહેલાં પૂ. શ્રી યોગેશ્વરજીએ આજ ઘરમાં આજ આસન પરથી મૃત્યુ ઉપર મનનીય વાર્તાલાપ આપ્યા હતા. એજ ઘર અને એજ આસન ઉપરથી પૂ. મા સર્વેશ્વરી યોગેશ્વરજીના સ્વપ્નાંને સાકાર કરવા રામાયણના પારાયણનો પ્રારંભ કરશે. પૂ. માએ પ્રણામ કરીને પોતાની બેઠક લીધી. યાત્રામાં ભાગ લેનાર સૌ હોલમાં ગોઠવાઇ ગયા.

પૂ. માએ પ્રારંભ કરતા પહેલાં પૂ. શ્રી યોગેશ્વરજી રચિત 'વંદન રઘુવર દશરથ નંદન...' ની સ્તુતિ ગવડાવી. ભગવાન રામની ધૂન ગવડાવી, ત્યારબાદ ગુરુવંદના કરી પૂ. માએ પોતાના પૂ. માતુશ્રીને અંજલિ આપી અને પિતાજીના આશીર્વાદ લેવા માટે બેઠક ઉપરથી ઊભાં થયાં. ફરીથી ગુરુદેવ સહિત દેવસ્થાનને પ્રણામ કરી પૂ. મા તેમના પિતાજી પાસે પહોંચ્યાં. પિતાજીને સાષ્ટાંગ પ્રણામ કરી આશીર્વાદ લઈ પૂ. માએ પારાયણમાં ભાગ લેનાર સૌ ભાઇ–બેનોને પ્રણામ કર્યા. તે સમયે યોગાનુયોગ કપૂરાના જ એક સંતપુરુષ પૂ. શ્રી રાધામોહનદાસજી પણ વૃંદાવનથી પધાર્યા હતા. તેમને પણ પૂ. માએ પ્રણામ કરી પછી પોતાની બેઠક લીધી.

પૂ. માની સૂચનાથી શ્રી રાધામોહનદાસજીએ પણ આશીર્વચનો કહ્યાં અને પૂ. માએ પૂ. શ્રી યોગેશ્વરજીની ચાર લીટીની આરતી ગવડાવી. ત્યારબાદ ખૂબ ભક્તિભાવથી પૂ. માએ દિવ્ય ધ્વનિ સાથે ભગવાનનો જયકાર કરાવ્યો.

જય જય યોગેશ્વર ભગવાન
જય જય રામચંદ્ર ભગવાન
જય જય પવનસુત હનુમાન.

એ પવિત્ર ધૂનના શબ્દોથી વાતાવરણ બહુ જીવંત ને પવિત્ર લાગવા માંડયું. જાણે પૂ. શ્રી યોગેશ્વરજી તસ્વીરમાંથી દિવ્યરૂપે કૃપાદૃષ્ટિ વરસાવતા હોય એવો સહજ અનુભવ અમને સૌને થયો.

પારાયણના એ નવ દિવસો દરરોજ ત્રણ બેઠકમાં વહેંચાયેલા હતા. પહેલી બેઠક સવારે ૯ થી ૧૧, બપોરે ૨ થી ૪ અને રાત્રે ૭–૩૦ થી ૯–૩૦ ની રહી.

તા. ૧લી માર્ચથી ૩૧ માર્ચ સુધી પૂ. માનું ફક્ત પાણી ઉપરનું વ્રત ચાલુ જ હતું. પારાયણ દરમ્યાન સતત છ છ કલાક બુલંદ અવાજે ગાવું અને જન કલ્યાણાર્થે વચ્ચે વચ્ચે સમજાવતા જવું એ બધી પ્રવૃત્તિઓ ચાલુ જ હતી. છતાં પૂ.માની સ્ફૂર્તિ, તેમની અમૃત વાણી ખૂબ જોશીલી અને દિવ્ય લાગતી હતી. કયાંયે પણ ઉપવાસનો અણસાર સરખો લાગતો નહોતો. પ્રભુની એ દિવ્ય શક્તિને વંદન હો. પૂ.શ્રી યોગેશ્વરજીની પૂર્ણ કૃપા પૂ માના જીવન ઉપર ઉતરી હોય એવું અનુભવવા મળ્યું.

નવ દિવસના એ પારાયણમાં સમય ઘણો ઝડપથી વહી ગયો. પૂ. માની સાથે સૌ કોઈ સમૂહ પાઠ કરતાં. વળી પૂ. મા દરેક પ્રસંગો ટૂંકમાં સમજાવતાં ત્યારે તો સૌ કોઇ ભક્તિ



રસમાં ડૂબી જતાં. વળી પરાયણ વાજીંત્રો સાથે થતું હોવાથી મધુર અને કર્ણ પ્રિય સંગીતનો સુભગ સમન્વય પૂ. માના સુરીલા કંઠ સાથે થવાથી મંગલ મહોત્સવ જેવું વાતાવરણ સહુ અનુભવતા.

પારાયણમાં ભાગ લેનારા ભાઇબેનોના ભોજનની વ્યવસ્થા પૂ. માના પિતાજીના ઘરેજ હતી. એ પરિવારના યજમાન શ્રી ગંગાબેન ખૂબ પ્રેમ અને ભક્તિભાવથી દરરોજ મિષ્ટાન્ન સહિતનું ભોજન પોતેજ બનાવતાં અને અન્નપૂર્ણાની જેમ સૌને તૃપ્તિ કરાવતાં. ભોજન સમયે ધૂન ગવડાવવામાં આવતી અને શ્લોકો સાથે નમઃ પાર્વતી પતયે, હર હર મહાદેવના ધ્વનિથી દરરોજ ભોજન શરૂ થતું, ત્યારે પૂ.મા ત્યાં પ્રત્યક્ષ હાજર રહીને સૌથી વ્યક્તિગત કાળજી લેતાં.

ઘણીવાર પૂ.મા બપોરની બેઠક પછી દિવાળી સદનના ઉતારા ઉપર બહારગામથી આવેલા ભાઇબેનોને લઈ જતાં અને ત્યાં પૂ.શ્રી યોગેશ્વરજીના પ્રવચનની કેસેટો સંભળાવતાં. ત્યારે દિવાળી સદનના યજમાન પણ અમને અચૂક અલ્પાહાર કરાવતા. ત્યાંથી પૂ.મા પોતાના પિતાજીની વાડીએ પણ લઈ જતાં, ત્યાં વાડીમાં પણ વિવિધ ફળો સાથે અલ્પાહાર કરાવી, સત્સંગમાં ધૂન, વાર્તાલાપ તથા સુશીલાબેનના મધુર કંઠે વિવિધ ભાષાના ભજનોનો લાભ પણ અપાવતાં.

બહારગામથી પધારેલા ૧૫૦ ભાઇબહેનોનો ઉતારો શ્રી ઈશ્વરભાઈને ત્યાં જ રાખવામાં આવ્યો હતો. શ્રી ઈશ્વરભાઇ તથા શ્રી મણીબેને અમારા સૌની વ્યક્તિગત સંભાળ લઇ ખૂબ પ્રેમપૂર્વક અતિથિ દેવો ભવની ભાવના જીવંત કરી બતાવી હતી. અમારા ઉતારા ઉપર રાત્રે શ્રી ઈશ્વરભાઈની જ્ઞાન, ભક્તિ અને યોગની વાતો પણ સાંભળવા મળતી.

નવ નવ દિવસની અમારી સરભરા ખૂબ પ્રેમપૂર્વક એ પરિવારે કરી તે જીવનભર ભૂલાશે નહિ.

પારાયણની પૂર્ણાહૂતિ પ્રસંગે બહારગામથી પણ ઘણી મોટી સંખ્યામાં ભાઈબેનો પધાર્યાં હતાં. તેમાંના કેટલાક ભાઈબેનોએ આભાર દર્શનમાં પણ ભાગ લીધો. અંતિમ દિવસે પણ પોથી યાત્રા દિવાળી સદન પહોંચી ત્યારે કપૂરા ગામના સ્વામીનારાયણ મંડળના યુવાન ભાઇઓએ ખૂબ પ્રેમપૂર્વક પોતાની ભજન મંડળી સાથે પોથી યાત્રામાં ભજનો ગવડાવ્યાં. દિવાળી સદનમાં પોથી યાત્રા પરિસમાપ્તિ પર પહોંચી ત્યારે પૂ. માએ કપૂરાની ધરતીનું ઋણ વાળી શકાય નહીં એવું કહી ગામના વડીલ વર્ગ પાસે આશીર્વાદ અને શુભેચ્છાની માંગણી કરી, પ્રણામ કરી, કાર્યક્રમ પૂર્ણ કર્યો.

પરાયણના આ પ્રથમ પ્રસંગે પૂ. માના દર્શનનો અને સત્સંગનો લાભ લેવા કચ્છ-ભૂજ, મોરબી, વિદ્યાનગર, વડોદરા, ભરૂચ, વલસાડ, સિલવાસા, નેત્રંગ, નનસાડ, સુરત, બારડોલી, બાજીપુરા, શ્યાદલા, માસમા વગેરે ગામોથી ભાવિક ભક્તો આવ્યા હતા. તો કેનેડાથી આવેલા શ્રી સુરેશભાઇ પરીખ પણ પધાર્યા હતા.

કપૂરાની એ પવિત્ર ધરતીને પૂ. શ્રી યોગેશ્વરજી 'ગોકુળીયુ' નામ આપતા તે ખરેખર અમને પણ સૌને યથાર્થ લાગ્યું. રોજ રોજ નવા અતિથિઓ આવતા. સૌનું પ્રેમભક્તિથી સ્વાગત થતું. એ બધું જ જોવાનું, અનુભવવાનું માણવાનું સદ્ભાગ્ય જેને પણ મળ્યું, તે સૌ ધન્ય થઈ ગયા.



# શ્રીરમણ મહર્ષિનાં સાર વચનો

રમણ ભક્ત

(૧) અહંકાર એક પ્રેત જેવો છે. એને એનું પોતાનું કોઈ રૂપ નથી. પરંતુ જે પણ રૂપનો આધાર લે છે તેમાંથી પોષણ પામે છે. એના મૂળની શોધ કરવાથી એ પલાયન થઇ જાય છે. એ અહંકારના ઉદ્ભવ સાથે બીજુ બધું જ ઉદ્ભવ પામે છે અને એની શાંતિ થતાં સઘળું વિલીન કે શાંત થાય છે. એટલા માટે આત્મ વિચારણાનો આધાર લઇને એનો અંત આણવો એ જ સાચો ત્યાગ અથવા સંન્યાસ કહેવાય છે.

(૨) તમારે તમારી જાતને 'હું કોણ છું ?' પ્રશ્ન પૂછવાનો છે. એવું આત્મ સંશોધન છેવટે તમને તમારી અંદર રહેલી મનથી પારની કશીક વસ્તુની અનુભૂતિ કરવામાં મદદ કરશે. એ મોટામાં મોટી મૂળભૂત સમસ્યાનો ઉકેલ લાવો એટલે એ દ્વારા બીજી બધીજ સમસ્યાઓનો ઉકેલ આવી જશે.

(૩) માનવ વાસ્તવિક રીતે જોતાં સુખ સ્વરૂપ છે સુખ આત્માની સાથે સંકળાયેલું છે. એટલે એની સુખને માટેની શોધ એના સત્ય આત્મસ્વરૂપની જ શોધ હોય છે. સત્ય સ્વરૂપ અવિનાશી હોવાથી એની પ્રાપ્તિ થતાં અનંત સુખની પ્રાપ્તિ પણ થઈ રહે છે.

(૪) એ પરિપૂર્ણ પરમાત્માનો સાક્ષાત્કાર થયા પછી, એ કલ્યાણકારક હોવાથી, બીજું કશું પ્રાપ્ત કરવા જેવું બાકી નથી રહેતું.

(૫) તમારું કહેવું છે કે આ તર્કવાદનો જમાનો છે અને ઉપદેશ તર્કની સાથે મેળ ખાય તેવો હોવો જોઇએ.

હું પૂછું છું કે બુદ્ધિ કોની છે ? તો તમે ઉત્તર આપશો મારી બુદ્ધિ. એના પરથી સાબિત થાય છે કે બુદ્ધિ તમારા હથિયાર જેવી છે, એ તમે નથી. અથવા તમારાથી સ્વતંત્ર એવી કોઈ વસ્તુ પણ નથી બુદ્ધિ એક અસ્થિર શક્તિ છે જ્યારે તમે તેના નિયંતા છો. તમારે તમારી જાતનો સ્વાનુભવ કરીને એની ઉપર કાબૂ રાખવો જ જોઈએ.

(૬) જગત નિત્ય છે કે અનિત્ય, સાચું છે કે ભ્રામક, માયાવી રૂપરંગ વાળું, અને સુખમય છે કે દુઃખમય, એ બધા અને એવા બીજા વિવાદોમાં પડવાનો શો અર્થ છે ? સૌ કોઈ અહંકાર રહિત અવસ્થાની અનુભૂતિને ચાહે છે અને એ અનુભૂતિ જગતના પદાર્થોમાંથી મનને પાછું વાળવાથી ને નિત્યનિરંજન આત્માનો સાક્ષાત્કાર કરવાથી કરી શકાય છે.

(૭) જો હું શાશ્વત અને સંપૂર્ણ છું તો અજ્ઞાની કેમ છું ? આ પ્રશ્નના પ્રત્યુત્તરમાં હું પૂછું છું કે કોણ અજ્ઞાની છે ? આત્મા કદી અજ્ઞાનની ફરિયાદ નથી કરતો. તમારી અંદર રહેલો અહંકારજ એવી ફરિયાદ કરતો હોય છે. પ્રશ્નો પણ એજ પૂછે છે. આત્મા દ્વારા કોઈ યે પ્રશ્ન નથી પૂછાતો. અને એ અહંકાર શરીર અથવા આત્મા નથી, પરંતુ એ બન્નેની વચ્ચે પેદા થનારી કોઈક વસ્તુ છે. નિદ્રાવસ્થા દરમિયાન અહંકારનું અસ્તિત્વ ના હોવાથી, તમને અપૂર્ણ અથવા અજ્ઞાનયુક્ત અહંકાર પોતે જ અપૂર્ણતા અને અજ્ઞાન રૂપ ભાસે છે. અહંકારની યથાર્થતાને જાણી લઈને જો એવી રીતે તમારા વાસ્તવિક આત્મસ્વરૂપને ઓળખી લેશો તો તમને જણાશે કે અજ્ઞાન જેવું કશું છેજ નહિ.

(૮) માણસ પોતાને કર્તા માને છે તે જ ખોટું છે. પરમાત્માની સર્વોપરી શક્તિ જ સર્વ કાંઈ કરે છે ને એ તો



કેવળ હથિયાર છે. એવી સમજને કેળવવામાં આવે તો એ બધી જાતની મુસીબતોમાંથી મુક્તિ મેળવી શકે. નહિ તો મુસીબતોને નોતરી લે.

(૯) મનનું અસ્તિત્વ છે કે નહિ એની ખોજ કરવામાં આવતાં જણાશે કે એનું અસ્તિત્વ નથી. એને મનનો સંયમ અથવા શમ કહે છે.

(૧૦) શાસ્ત્રોના સારનો સ્વાનુભવ કરવામાં આવે છે પછી શાસ્ત્રોનું પ્રયોજન પૂરું થતાં તે નિરર્થક થઇ જાય છે. પરમાત્માના અસ્તિત્વનું અને સાક્ષાત્કારનાં સાધનોનું જ્ઞાન પૂરું પાડવામાં શાસ્ત્રોનો ફાળો ઘણો મહત્ત્વનો છે, પરંતુ એમના અર્કને જીવનમાં ઉતારવામાં આવે પછી એમનો કશો જ અર્થ નથી રહેતો. જેમ જેમ ઉપર ચઢવામાં આવે છે. તેમ તેમ પાછળનાં સાધનો આત્મવિકાસની ઊર્ધ્વયાત્રાનાં સોપાન જેવાં લાગે છે. ધ્યેયની સિદ્ધિ થતાં કેવળ એ જ શેષ રહે છે ને બાકીનું બધું નકામું બને છે. એ અવસ્થાની અનુભૂતિ દરમિયાન શાસ્ત્રોનું કામ નથી રહેતું.

(૧૧) 'મને સાક્ષાત્કાર થઈ શકે ?' એવી શંકાશીલતા અથવા 'મને સાક્ષાત્કાર નથી થયો' એવી વૃત્તિ આત્મસાક્ષાત્કારમાં અવરોધક છે. સાક્ષાત્કાર કોઇ નવેસરથી સિદ્ધ કરવાની વસ્તુ નથીજ. સ્વરૂપનો સાક્ષાત્કાર થયેલો જ છે. જે કાંઈ કરવાનું છે તે 'મેં સાક્ષાત્કાર નથી કર્યો' એ તર્કનો ત્યાગ કરવાનો છે.

(મહાત્મા શ્રી યોગેશ્વરજીકૃત) 'ભગવાન રમણ મહર્ષિ'માંથી

( અનુસંધાન ૧૯ નું ચાલુ )

એમને ઇડા અને પીંગળા કહેવામાં આવે છે. ઇડા કરોડરજ્જુની ડાબી બાજુ પર છે, જ્યારે પીંગળા જમણી બાજુ. આ સિવાય કરોડરજ્જુના વચલા ભાગમાં જે માર્ગ છે, તેને સુષુમણા કહેવામાં આવે છે. સાધકની કુંડલિની જ્યારે જાગ્રત થાય છે ત્યારે સુષુમણાના આ માર્ગે ઊંચે ચઢવા માંડે છે. બીજા ભૌતિકવાદી લોકોના સંબંધમાં આ માર્ગ બંધજ રહે છે. શ્રી રામકૃષ્ણદેવ આ ચક્રોનાં સ્થાનો અંગે જ્યારે શરીરનાં નાભિ, હૃદય કે ગળાનો ઉલ્લેખ કરે છે, ત્યારે એમ કરવા પાછળનો એમનો હેતુ આ ચક્રોનાં શરીરમાં સ્થાનો કયાં આવેલાં છે, તે અડસટ્ટાથી બતાવવાનો છે. ખરૂં જોતાં, આ ચક્રો સુષુમણાની અંદરજ આવેલાં છે.

આ ચક્રોનો ઘણીવાર કમળો તરીકે હિંદુ યોગશાસ્ત્રોના ગ્રંથોમાં ઉલ્લેખ કરવામાં આવેલ છે, એનું ખરૂં કારણ એ છે કે સાધક જ્યારે સાધનાના પરિણામે આ ચક્રો જોવા શક્તિમાન થાય છે, ત્યારે એમનો આકાર કમળ કે પદ્મ જેવો દેખાય છે. આ ચક્રો કોઇ સ્થૂલ સ્વરૂપનાં અંગો છે, એમ રખે કોઈ માને. આથી ઉલટુ એ યાદ રાખવું જોઈએ કે હિંદુ ધર્મગ્રંથોમાં શરીરનાં આ ચક્રો સૂક્ષ્મ છે કે સ્થૂલ એવો ભેદ પાડેલો નથી. એ તો માત્ર પ્રમાણ ભેદનો પ્રશ્ન છે.

(ક્રીસ્ટોફર ઈશરવુડના આધારે)



# રામકથા

–યોગેશ્વરજી

[યોગેશ્વરજીની સિદ્ધકલમે આલેખાયેલ રામકથા]

એના મહત્ત્વના ઈન્કાર કરવાનો ઈરાદો હું નથી રાખતો. એનુ મહત્ત્વ તો છે જ, પરંતુ લૌકિક દૃષ્ટિએ. મારી દૃષ્ટિ એનું મહત્ત્વ એટલું બધું નથી આંકતી. લોકો એનું મહત્ત્વ ઘણું વધારે માને છે તે તેમની રુચિની વાત છે. બાકી મારા પર તો મારા રાજ્યાભિષેકના સમાચારની કોઇ વિશેષ અસર નથી થતી.

લક્ષ્મણે ઉમળકા પૂર્વક કહેવા માંડ્યું : આવા વચનો તમારા વિના બીજું કોઈ ભાગ્યે જ બોલી શકે. આ વચનોમાં તમારી વીતરાગ વૃત્તિનું અથવા સાંસારિક વિષયો તરફની નિર્મમતાનું દર્શન થાય છે. એમાંજ તમારી મહાનતા છે. અયોધ્યાના રાજ્યશાસનનાં સૂત્રો તમારા જેવી સુયોગ્ય, લોકોત્તર વ્યક્તિના હાથમાં હોય એ બધી રીતે ઇચ્છવા જેવું છે. પ્રજાને માટે એ હકીકત ખૂબજ શ્રેયસ્કર થઈ પડે.

'રઘુકુળમાં શાસનનાં સૂત્રો એવીજ સુયોગ્ય વ્યક્તિઓના હાથમાં રહ્યાં છે, અને એવી વ્યક્તિઓએ પ્રજાનું ઘણું હિત કર્યું છે. એમાં મારે કે કોઈએ કોઇ નવો ચીલો નથી પાડવાનો. આજે એક અગત્યનો અવસર ઉભો થાય છે ત્યારે મને એક બીજો વિચાર પણ આવી રહ્યો છે.' 'કયો વિચાર ?' મને એવો વિચાર આવે છે કે મહારાજા દશરથને ત્યાં આપણે ચારે ભાઈ યજ્ઞાનુષ્ઠાનના પરિણામ રૂપે જન્મ્યા છીએ. 'એ વાત તો સર્વવિદિત છે.' 'આપણે ચારે ભાઈ સાથે સાથે રમીને મોટા થયા છીએ.' 'એ પણ સાચું છે અને એ પણ એટલુંજ સાચું છે કે આપણે ચારે

ભાઇ પરસ્પર ખૂબજ પ્રેમ ધરાવીએ છીએ.' 'એમાં કોઇ પણ પ્રકારના સંદેહને સ્થાન જ ક્યાં છે?'

તો પછી મને એ નથી સમજાતું કે બીજા ત્રણે ભાઈઓને મૂકીને એકમાત્ર મારાજ રાજ્યાભિષેકની તૈયારી શા માટે કરવામાં આવે છે? એક મને જ શા માટે આટલું બધું મહત્ત્વ આપવામાં આવે છે? 'એમાં મહત્ત્વ આપવાનો પ્રશ્ન જ ક્યાં છે? સૌથી મોટા પુત્રનો રાજ્યાભિષેક આપણા કુળમાં પરંપરાગત ચાલ્યો જ આવે છે. તમારા રાજ્યાભિષેકમાં એ પરંપરાનું પાલન જ થઈ રહ્યું છે. 'છતાં પણ મને' એવું તો થાય છે જ કે હું બીજા ભાઇ કરતાં થોડોક વહેલો જન્મ્યો એટલા માટે મારો જ અભિષેક કરવામાં આવે એવું ના હોવું જોઇએ.

પરંતુ બધા ભાઇઓનો એક સાથે અભિષેક તો નાજ થઇ શકે એ સહેજે સમજાય તેવું છે. તમે સૌથી મોટા છો એ તો ખરૂં જ. પરંતુ સૌથી વિશેષ સુયોગ્ય છો. એ દૃષ્ટિએ પણ તમારો અભિષેક યોગ્યજ છે. પિતાજીનો નિર્ણય આવકાર દાયક છે એટલા માટે તો મહર્ષિ વસિષ્ઠે પણ એનું સમર્થન કર્યું છે.

રામે કહ્યું: પિતાજીની અને મહર્ષિ વસિષ્ઠની આજ્ઞાનો અનાદર હું નહી કરી શકું. એમને સમજાવવાના પ્રયાસ કરી જોઈશ છતાં એ નહી માને તો મારે એમની આજ્ઞાને અનુસરવું પડશે. છતાં પણ મારા મનમાં થોડોક વસવસો તો રહેશે જ. 'તમારે કશોજ વસવસો રાખવાની જરૂર નથી. આપણામાં ભેદ નથી એટલે તમારો અભિષેક અમારોજ અભિષેક છે એવી લાગણી અમને થયા કરે છે. તમારા જેવા લોકોત્તર હૃદયની વ્યક્તિની છત્રછાયામાં અમે સલામત અને સુખી છીએ અને સુખી રહી રહીશું એમાં શંકાનથી. હવે એવા વ્યર્થ વિચારો કરીને જરાપણ દુઃખી ના થશો.'



લક્ષ્મણને રામનાં વચનો યાદ રહી ગયાં. એને એ વચનો વારંવાર યાદ આવવા લાગ્યાં : એને એના ચિંતન અને મનનને પરિણામે રામની લોકોત્તરતાનો વધારે ને વધારે ખ્યાલ આવવા માંડ્યો. એવા લોકોત્તર સ્વભાવ તથા ભાવવાળા રામના નાનાભાઇ તરીકે જન્મવા બદલ એના અંતરમાં ઉંડા ગૌરવ અને સંતોષની લાગણી પેદા થઇ.

રામે દશરથ તથા વસિષ્ઠની આગળ પોતાના વિચારો પ્રદર્શિત કરીને રાજ્યાભિષેકને માટેની ઉદાસીનતા કહી બતાવી. પરંતુ એ વિચારોને બંનેમાંથી કોઈનુંયે સમર્થન ના મળ્યું.

વસિષ્ઠે કહ્યું : 'રામ, તમારા વિના આવા વિચારો બીજું કોણ વ્યક્ત કરે? તમે વ્યક્ત કરેલા વિચારો પરથી મહાન હૃદયનો ખ્યાલ આવે છે. એ વિચારો માટે તમને મારા અંતઃકરણપૂર્વકના ધન્યવાદ આપું છું. છતાં પણ રાજ્યાભિષેક તો તમારો જ થશે. એ કાર્યક્રમમાં કોઇપણ જાતનો ફેર નહિ પડે.'

રામના રાજ્યાભિષેકની ઘડી જેમ જેમ પાસે આવતી ગઈ તેમ તેમ પ્રજા વધારે ને વધારે આનંદનો અનુભવ કરતી ગઇ. અયોધ્યાની શેરીઓ તથા હવેલીઓને દિવસોથી શણગારવામાં આવી. આખા નગરમાં એ જાતનો નવોજ ઉત્સાહ ફરી વળ્યો, પ્રજાના પ્રાણમાં અનેરો અને નવો રંગ છવાઈ ગયો. રાજા દશરથનો આનંદ માતો ન હતો. આનંદના અર્ણવમાં અવગાહન કરતાં, રામના રાજ્યાભિષેકને આગલે દિવસે રાતે એ મહારાણી કૈકેયી પાસે આવી પહોંચ્યા, પરંતુ કૈકેયી દર વખતની જેમ એમનું સ્વાગત કરવા માટે આગળ ના આવી. દશરથે શયન ખંડમાં જઈને જોયું તો કૈકેયી ધરતી પર પડી હતી. એણે મેલાં, ફાટેલાં, અસ્તવ્યસ્ત વસ્ત્રો પહેરેલાં. એના કેશ વીખરાયલા હતા. દશરથને એવા દૃશ્યની કલ્પના પણ ન હતી. કૈકેયીની એવી દશા દેખીને એમને ઘણું

દુઃખ થયું. કૈકેયી પાસે બેસીને એમણે એને મનાવવાના પ્રયાસો કરી જોવા.

'કૈકેયી, તું આમ ક્રોધે ભરાઈને કેમ પડી છે ? તને કોના પર ક્રોધ થયો છે ? મને કંઇક કહે તો ખરી ? મારી પ્રત્યે જરાક પ્રેમપૂર્વક દૃષ્ટિપાત તો કર ' કૈકેયી કશું ના બોલી એતો ખરું, પરંતુ એણે દશરથ તરફ દૃષ્ટિ પણ ના ફેંકી. એ જોઇને દશરથનું દુઃખ વધી ગયું. અને એ બોલ્યા : 'તારો અપરાધ બીજા ગમે તેણે કર્યો હશે પરંતુ મેં તો નથી કર્યો ને ? તું મારી સાથે કેમ નથી બોલતી ? તારાં વહાલથી ભરેલાં સુધામય વચનો સાંભળવા માટે મારું અંતર કેટલું બધું આતુર બની રહ્યું છે. તેનો વિચાર તો કર કૈકેયી, તારા દિલને કોણે દુખાવ્યું ? તારો અપરાધ કોણ કરી બેઠું છે ? મને જરા કહી બતાવતો ખરી.'

'તમને કહી બતાવવાથી શું વળશે ? દશરથને વશ થયેલા જોઈને પોતાનો દાવ અજમાવવાના આશયથી, પોતાની દાસી મંથરાએ અગાઉથી શીખવ્યા પ્રમાણે કૈકેયી બોલી ઉઠી.

"મને કહી બતાવવાથી શું વળશે એમ પૂછે છે ? તને શાંતિ આપવા માટે મારાથી બનતું બધુંજ હું કરી છૂટીશ." દશરથે કહ્યું.

* ——— *

ધર્મ સંપ્રદાય કે સાધનાનો હેતુ આટલો જ છે. અંતરને નિર્મળ કરી, તે પરના સોનેરી પડદાને દૂર કરી પરમાત્માની પાસે પહોંચવામાં ને પરમાત્માની અનુભૂતિ કરવામાં તે મદદરૂપ થાય છે. જેટલા પ્રમાણમાં આ કામ કરાવી શકે તેટલા જ પ્રમાણમાં તે પ્રાણવાન મનાય છે. અને ઉત્તમ ગણાય છે.

(ઇશાવાસ્ય ઉપનિષદ)

# સહજાનંદ સ્વામીનો સદુપદેશ

જીવને ભગવાનને રાજી કર્યાનો ઉપાય તો મન-કર્મ-વચને ભગવાનના ભક્તની સેવા કરવી એજ છે અને ભગવાનના ભકતનો દ્રોહ કરવો એજ ભગવાનને કુરાજી કરવાનો ઉપાય છે.

જેને દેહ ને દેહનાં સગાં સંબંધીને દેહનાં ભરણ પોષણ કરનારાં એમાંથી સ્નેહ તૂટ્યો, તે પુરુષ ભગવાનની માયાને તરી રહ્યો છે અને જે પુરુષને ભગવાન વિના બીજામાંથી હેત તૂટે છે તેને ભગવાનને વિષે હેત થાય છે.

બધા દિવસમાં જે કાંઇ જાણે-અજાણે, મને, વચને, દેહે કરીને ભગવાનના ભકતનો દ્રોહ થયો હોય તનું નિવારણ કરાવવા સારુ એક દંડવત્-પ્રણામ નિત્યે કરવો.

શ્રદ્ધાએ સહિત ને ઇર્ષ્યાએ રહિત જે ભક્તિ કરે તે અમને અતિશય ગમે છે.

ભગવાનના સંતની સેવા તો બહુ મોટા પુણ્યવાળાને મળે છે પણ થોડા પુણ્યવાળાને મળતી નથી. માટે ભગવાનનાં સંત સાથે તો એવું હેત રાખવું જેવું હેત સ્ત્રી ઉપર છે, કે પુત્ર ઉપર છે કે મા બાપ ને ભાઈ ઉપર છે. તેવું હેત રાખવું; તો એ હેતે કરીને જીવ કૃતાર્થ થઈ જાય છે.

સંકલન-: મા સર્વેશ્વરી

# મૌનનું મહત્ત્વ

રમણ મહર્ષિ કહેતા કેઃ–મૌન જેવો સર્વોત્તમ સદુપદેશ બીજો કોઇ નથી. પરંતુ આગળ વધેલા સાધકોને જ એ અનુકૂળ આવે છે. બીજા તેમાંથી પૂરી પ્રેરણા નથી પ્રાપ્ત કરી શકતા. તેથી સત્યને સમજાવવા શબ્દોનો ઉપયોગ કરવો પડે છે. વ્યાખ્યાનો અમુક વખત સુધી લોકોને આનંદ આપે એ છતાં પણ અસર ના પહોંચાડે એવું બની શકે, પરંતુ મૌનની અસર શાશ્વત હોય છે અને એ સૌને લાભ પહોંચાડે છે. એ ના સમજાય તો પણ હરકત નહિ. સત્ય શબ્દોથી પર હોય છે. વ્યાખ્યાનો મૌન જેટલાં સહજ અને અસરકારક નથી હોતાં. મૌન ચાર પ્રકારનું હોઇ શકે છેઃ–વાણીનું, દૃષ્ટિનું, કાનનું, અને મનનું મૌન. એમાં છેલ્લું મનનું મૌન વિશુદ્ધ મૌન કહેવાય છે અને સૌથી મહત્ત્વનું મનાય છે. મૌન અમર સનાતન વાણી છે. એજ એક માત્ર શબ્દ છે, હૃદયનું હૃદય સાથેનું સંભાષણ છે.

મૌનથી ઘણા લાભ થાય છે. મૌનવ્રતથી શક્તિ બચે ને શાંતિ મળે છે, વિચાર શક્તિ વધે છે. સૌથી મોટો ને સમજાય તેવો લાભ તો એ છે કે માણસો તે દરમ્યાન અસત્ય ભાષણથી અનિચ્છાએ પણ બચે છે. સાધકોને માટે મૌનનું મહત્ત્વ ઘણું મોટું છે. ચિત્તની એકાગ્રતા અને કર્તવ્ય પરાયણતા માટે એ આવશ્યક છે.

યોગેશ્વરજી.

રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, જગાફોકના ડેલામાં, લોખંડ બજાર, ભાવનગર.
પ્રાપ્તિસ્થાનઃ– પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર–૧